Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૨૧
તા.૦૬-૦૬-૨૦૧૮, બુધવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ વદ - ૦૭
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૪ સૂર્યાસ્ત : ૦૭:૧૨

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧.૭ | વડોદરા | ૪૦.૩ |
| અમદાવાદ | ૪૧.૯ | સુરત | ૩૫.૫ |
| ગાંધીનગર | ૪૨.૦ | નલિયા | ૩૫.૨ |

ચાંદી : ૪૦૦૦૦ સોનું : ૩૧૭૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# કચ્છના મુંદ્રા નજીક વાયુદળનું વિમાન તૂટી પડ્યું

## પાયલટ એર કોમોડોર સંજય ચૌહાણનું મોત : પાયલોટના મૃતદેહના અવશેષોની શોધખોળ: ફાઈટર પ્લેનના ટુકડેટુકડા થઈ ગયા : આસપાસની જમીન ઉપરનું ઘાસ બળી ગયું



ભૂજ

કચ્છમાં એરફોર્સનું વિમાન તૂટી પડતા દોડધામ થઈ ગઈ હતી. એરફોર્સનું વિમાન તૂટી પડતા પાયલોટનું મોત થયુ હતું. જ્યારે આ વિમાન ગાયોના ધણ ઉપર પડતા ૧૪ જેટલી ગાયોના મોત નિપજયા હતા. જ્યારે ૧૦થી ૧૨ ગાયોને ઈજા થઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ આજે જામનગરથી ઉડાન ભરીને જામનગર એરફોર્સનું જગુઆર ફાયટર પ્લેનમાં યાંત્રિક ખામી સર્જાતા દુર્ઘટનાગ્રસ્ત થયુ હતુ અને મુંદરા તાલુકાના બેરાજાગામની સીમમાં તૂટી પડયુ હતુ. જેમાં પાઈલોટ સંજય ચૌહાણનું મોત નિપજ્યુ હતું. જ્યારે ગૌચરની જમીન ઉપર ઘાસચારો ચરી રહેલા ગાયોનુ ધણ અકીલા (ટોળુ) ઉપર પડતા ૧૪ જેટલી ગાયોના ઘટના સ્થળે જ મોત નિપજયા હતા. જ્યારે ૧૦ થી ૧૨ ગાયોને ઈજા થતા પશુપાલન ટીમ દ્વારા તેમની સારવાર શરૂ કરવામાં આવી હતી. પ્લેનના ટુકડે ટુકડા થઈ ગયા હતા. આ બનાવની જાણ થતા કચ્છ અને જામનગર એરફોર્સની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને બચાવ કાર્ય હાથ ધર્યુ હતું. આ બનાવની જાણ થતા કચ્છના કલેકટર રેમ્યા મોહને તાત્કાલીક બચાવ કાર્ય માટે ટીમને ઘટના સ્થળે મોકલી હતી. આ બનાવની જાણ થતા ગ્રામ્ય વિસ્તારના લોકોમાં ફફડાટ ફેલાય ગયો હતો.

## વિચાર વૈભવ...

### જાસૂદ

બે મિત્રો....ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને ખુદીરામ બોઝ..

અવારનવાર ભેગા થાય. વિધવિધ વિષયો પર ચર્ચા-વિચારણા કરે..

એકવાર ઈશ્વરચંદ્રના ઘરે બન્ને બેઠા હતા. કલાકે ગોષ્ઠી કરી. ત્યારબાદ ખુદીરામની આગતા કરવામાં મિત્રે નારંગી પીરસી..

હાથે માવજત કરેલી વાડીની સુંદર ગુણવત્તા ધરાવનારી નારંગીની મીઠાશની ભરપૂર પ્રશંસા કરી.. પ્રશંસા કરતાં કરતાં ખુદીરામ નારંગીની ચીરી ચૂસતાં જાય છે અને ચૂસી - ચૂસીને ચીરી બહાર નાંખતા જાય છે.

વિદ્યાસાગરજીએ આ પરિસ્થિતિને જોઈ.. ખુદીરામને કહ્યુંઃ ‘બોઝ, આ રીતે આ ચીરી ફેંકી દેવી ઉચિત નથી.. આ પણ કોઈકના કામમાં આવી શકે છે.

‘આ કચરો- કૂચો કોના કામમાં આવવાનો હતો? આ તે કોઈ ખાતું હશે?’ ખુદીરામે નાક મચકોડતાં કહ્યું.

વિદ્યાસાગરજીએ સાગરની ગંભીરતા ધારણ કરતાં કહ્યુંઃ ‘મિત્ર! એક કામ કર. હવે પછીની ચીરી- કૂચો આ બારીથી બહાર ફેંકી ના દેતાં, બારીની બહાર મૂકી રાખજે. આપણે અહીં બેઠા- બેઠા તેની ઉપયોગિતાને નીહાળીશું.’ ખુદીરામે હવે નારંગીની ચીરી ચૂસીને બારીની બહાર મૂકી અને મિત્ર ઈશ્વરચંદ્ર પાસે આવી સ્થાન જમાવ્યું.

બન્ને મિત્રો વાતોએ વળગ્યા. પણ ધ્યાન તો બારી તરફ જ હતું.

થોડીવાર પછી ત્યાં બારી પાસે એક કાગડો આવ્યો અને એ કૂચો લઈને ઊડી ગયો.

ઈશ્વરચંદ્રે ખુદીરામ તરફ ઈશારો કરતાં કહ્યુંઃ ‘જોઈ આની ઉપયોગિતા!!’ ખુદીરામ આશ્ચર્યથી તે તરફ જોઈ રહ્યાં.

વિદ્યાસાગરે પોતાના નામને સાર્થક કરતાં આગળ કહ્યુંઃ ‘દરેક વસ્તુ કોઈને તો કામમાં આવે જ. વ્યવસ્થિત જગ્યાએ મુકેલી હોય તો એ બીજાના ઉપયોગમાં આવી શકે. પણ ધૂળમાં રગદોળાઈ જાય પછી તો એ વિનષ્ટ થઈ જાય છે. નિરૂપયોગી થઈ જાય છે.’

ઈશ્વરની વિદ્યાને આગળ ધપાવતાં તેમણે કહ્યુંઃ ‘કોઈ પણ વસ્તુને ફેંકી દેતા પહેલાં તેની દરેક ઉપયોગી શકયતાને વિચારી લેવી જોઈએ. વસ્તુનો સો ટકા ઉપયોગ કરવો એ જ તેની સાચી ઉપયોગિતા છે.’

ઉપયોગિતાના ઉપયોગી વકતવ્યને સાંભળી ખુદીરામ ઈશ્વર પ્રતિ નતમસ્તક થઈ ગયા.

-પં.રાજહંસવિજયજી ગણિ

જોઈએ છે
હિંમતનગર, ખેડબ્રહ્મા, ઈડર, મોડાસા અને વડાલી સહિતના વિસ્તારમાં રખેવાળની કોપીઓનું વિતરણ કરી શકે તેમજ માર્કેટીંગ કરી શકે તેવા ઉત્સાહી માણસની જરૂર છે.
સંપર્ક કરો
મો.૯૪૦૮૮૯૫૫૧૫

# ડીસા પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો

## પ્રમુખ - ઉપપ્રમુખ બનવા ઈચ્છુક દાવેદારોનું “લોબીંગ”

ડીસા

ડીસા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની આગામી ૯ મી જૂને યોજાનાર ચૂંટણીને લઈ ઈચ્છુક ઉમેદવારોએ પ્રદેશ સુધી “લોબીંગ” શરૂ કરી દીધું છે. જેથી મચેલા ધમાસાણને લઈ શહેરમાં ભર ઉનાળે રાજકીય ગરમાવો છવાયો છે.

ભાજપ શાસિત ડીસા નગરપાલીકાના પ્રમુખ અને ઉપપ્રમુખની પ્રથમ અઢી વર્ષની ટર્મ સફળ રીતે પૂર્ણ થઈ છે તેથી બાકીના અઢી વર્ષ માટે મહીલા પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી જાહેર થઈ છે. જેથી પ્રમુખ અને ઉપપ્રમુખ બનવા ઈચ્છુક ઉમેદવારોએ સ્થાનિક જિલ્લા અને છેક પ્રદેશ કક્ષાના નેતાઓ સુધી “લોબીંગ” શરૂ કરી દીધું છે. જોકે આ વખતે કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવારોનું ગઠબંધન થાય તેમ નથી તેથી ભાજપના જ પ્રમુખ - ઉપપ્રમુખ બનશે પરંતુ ભાજપની જૂથબંધીને લઈ ગરમાવો છવાયો છે પરંતુ ભાજપના આગેવાન મગનલાલ માળીએ જણાવ્યું હતું કે ભાજપના ૨૧ સભ્યો સાથે અપક્ષના કેટલાક સભ્યોનું સમર્થન છે. તેથી પ્રમુખ અને ઉપપ્રમુખ બિન હરીફ ચૂંટાશે તેઓ દાવો કરી શહેરની વિકાસ કુચ જળવાઈ રહેશે તેમ ઉમેર્યુ હતું.

જ્યારે વિરોધ પક્ષના નેતા દિપક પટેલે જણાવ્યું હતું કે કોંગ્રેસના ૬ સભ્યોને ૧૭ અપક્ષ સભ્યો સાથ આપે તો અમો સત્તા ઉપર આવી શકીએ તેમ છીએ પરંતુ આ વખતે ગઠબંધન મુશ્કેલ જણાય છે. તેમ છતાં ચૂંટણી ટાંણે ભાજપનો આંતરિક વિખવાદ ચરમસીમાએ છે તેથી પ્રમુખ પદના ડખાને લઈ શહેરનો વિકાસ રૂંધાય તેવી શક્યતા છે.

હાલમાં તો નવા પ્રમુખ અને ઉપપ્રમુખને લઈ ગરમાગરમ માહોલ છવાયો છે.

### પાલનપુરના આબુ હાઇવે પર વધુ એક ગમખ્વાર અકસ્માત

# એકટિવા સ્લિપ થતાં પટકાયેલા બે યુવકો પર ટ્રક ફરી વળતાં મોત





સંજય જોષી

પાલનપુર

પાલનપુરના આબુ હાઈવે પર તનુ મોટર્સ સામે ગત વહેલી સવારે ધંધાર્થે જઇ રહેલ બે યુવકની એક્ટીવા સ્લિપ થઇ જતા તેઓ નીચે પટકાયા હતા. જે દરમિયાન પાછળથી આવી રહેલી ટ્રક તેમની ઉપર ફરી વળતાં બંનેના અરેરાટી ભર્યા મોત નિપજ્યા હતા.

પાલનપુર આબુ હાઈવે નજીક આવેલ શિવ મહેલમાં રહેતા અને શક્તિ સ્વિટ(ફરસાણ)ની દુકાનમાં નોકરી કરી પરીવારને મદદરૂપ થતા મુળ થરાદ તાલુકાના સવણીયા ગામના જીગરભાઈ લાધાભાઈ નાઇ અને શિવમહલમાં રહેતા ભરત નારણાભાઈ રાજપુત ગત વહેલી સવારે શિવ મહેલથી એક્ટીવા લઈ શક્તિ સ્વિટ નોકરીએ જતા હતા. તે સમયે બિહારી બાગ પાસે એક્ટીવા સ્લીપ ખાઈ જતા તેઓ નીચે પટકાયા હતા.

દરમિયાન પાછળથી પુરઝડપે આવી રહેલી ટ્રક તેમના ઉપર ફરી વળી હતી. જેમાં બંને યુવકોના ઘટનાસ્થળે જ અરેરાટીભર્યા મોત નિપજ્યા હતા. આ ઘટનાને પગલે લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા.જેના પગલે ટ્રાફીક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. અકસ્માતની જાણ થતાં પશ્ચિમ પોલીસ ઘટના સ્થળે દોડી આવી ટ્રાફીક પુર્વવત કરાવી બંને મૃતદેહોને પી.એમ. અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બે દિવસ અગાઉ આવેલો જીગર કાળનો કોળિયો બન્યો

અકસ્માતમાં મોતને ભેટનાર જિગર બે દિવસ અગાઉ જ પરિવારજનોને મદદરૂપ થવા માટે પાલનપુર નોકરીએ આવ્યો હતો. જોકે, અકસ્માતમાં તે કાળનો કોળિયો બની જતા તેના પરિવારજનો ઉપર આભ તૂટી પડ્યુ હતું.

### એન્કાઉન્ટર કેસની ફાઈલ ફરી ખુલી

# તુલસી એન્કાઉન્ટરમાં અંબાજીના ૧૫ સાક્ષીઓને મુંબઈની સીબીઆઈ કોર્ટનું તેડું



અમદાવાદ

વર્ષ ૨૦૦૬માં સરહદ નજીક છાપરી પાસે બનેલા કથિત તુલસી ગંગારામ પ્રજાપતિ એંન્કાઉંન્ટર કેસની ફાઈલ ફરી ખુલી છે અંબાજીમાં ૧૫ જેટલા પંચને મુંબઈની અકિલા સીબીઆઈ કોર્ટનું સમન્સ મોકલાયું છે અને કોર્ટે જૂલાઈની જૂદી જૂદી તારીખે હાજર રહેવા સમન્સ મોકલ્યુ છે.પંચે એવી રજૂઆત કરી છે કે, સ્થાનિક અંબાજીનો બનાવ હતો એટલે તેમણે પંચમાં સહીઓ કરી હતી કે તેમને અંબાજી અકીલા નજીકની કોર્ટમાં પૂછપરછ માટે બોલાવશે, પરંતુ તમામ પંચને કનિદૈ લાકિઅ જૂદી જૂદી તારીખે મુંબઈ બોલાવાતા તેઓ મુશ્કેલીમાં મુકાયા છે તેમની રજૂઆત છે કે તમામને એકસામટા એક જ તારીખે નજીકની કોર્ટમાં બોલાવવામાં આવે કારણ કે હવે તેમની ઉંમર થઈ ગઈ હોવાથી તેમની શારીરિક સ્થિતિ પણ એવી નથી કે મુંબઈ કોર્ટમાં હાજર રહી શકે. વર્ષ ૨૦૦૬માં સરહદ નજીક છાપરી પાસે બનેલા કથિત તુલસી ગંગારામ પ્રજાપતિ એંન્કાઉંન્ટર કેસના તમામ આરોપીયોને જામીન મુક્તિ મળી છે પણ હવે ફરી એકવાર આ કેસની તપાસનો ધમધમાટ શરું થયો હોય તેવું જોવા મળ્યું છે. જેને લઈને આ તુલસી પ્રજાપતી એન્કાઉન્ટર કેસના ૧૫ જેટલા પંચોને મહારાષ્ટ્રના મુંબઈ સિબીઆઇ કોર્ટનું તેડું આવ્યું છે.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર ફાયરિંગ વીથ મર્ડર કેસમાં વપરાયેલી કાર બિનવારસી મળી

### બે આરોપીઓ ફાયરિંગ કરી યુવકના મૃતદેહ ઉપર કાર ફેરવી ભાગી ગયા હતા

પાલનપુર

પાલનપુર- ડીસા હાઈવે ઉપર ન્યુ રામઝૂંપડી હોટલમાં રવિવારે સાંજના સુમારે થયેલી ફાયરિંગની ઘટનામાં એક યુવકની હત્યા કરવામાં આવી હતી. હત્યારા મૃતકના દેહ ઉપર ગાડી ફેરવી નાસી ગયા હતા. દરમિયાન પોલીસે આ શખ્સોને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. જે દરમિયાન આ ગૂનામાં વપરાયેલી ગાડી થરા પાસેથી બિનવારસી મળી આવી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુર રોયલ મેઘામાં રહેતી સંગીતાબેન જોષીએ ભૂજ ખાતે રહેતા નરસિંહભાઈ આત્મારામ અગ્રવાલને ફોન કરી મળવા બોલાવ્યા હતા. જે બાદ વિજયભાઈ હરગોવિંદ ભાઈ શિરવાડીયાએ બ્લેકમેઈલ કરી ૩૫,૦૦, ૦૦૦ની માંગણી કરી હતી. અને આખરે રૂપિયા ૮,૦૦,૦૦૦ લાખ ચૂકવવાનું નક્કી કર્યુ હતુ. આ મુદ્દે પાલનપુર ખાતે ન્યૂ રામઝુંપડી હોટલમાં રવિવારે સાંજે વિજય શિરવાડીયાના કહેવાથી વિશાલ નામના શખ્સે રિવોલ્વરથી ફાયરિંગ કર્યુ હતુ. જેમાં એક ગોળી વકીલ દિપેશભાઇના માથા ઉપરથી નીકળી ગઇ હતી. જ્યારે બીજી ગોળી લશકરભાઇના ગળાના ભાગે વાગી હતી. તેમજ વધુ એક ફાયરિંગ કરી બંને શખ્સો ટેટ્ટ ગાડી નં. જીજે. ૨૪.કે ૮૩૦૦ રિવર્સ લઇ લશકરભાઇ ઉપર ફેરવી નાસી ગયા હતા. આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકના પીઆઇ આર. કે. સોલંકીએ આરોપીઓને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે. દરમિયાન આ ગૂનામાં વપરાયેલી ટેટ્ટ ગાડી નં. જીજે. ૨૪.કે ૮૩૦૦ મંગળવારે થરા નજીક બિનવારસી હાલતમાં મળી આવી હતી. જેને પાલનપુર પશ્ચિમ પોલીસ મથકના સ્ટાફ દ્વારા પાલનપુર ખાતે લાવવાની તજવીજ હાથ ધરાઈ છે.

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુઃખાવો • યાદશક્તી ઓછી થવી
• ખેંચ-વાઇ • હાથપગની ધ્રુજારી
• લકવો-પક્ષાઘાત • નસોની નબળાઇ
• મગજનો ટીબી • હાથપગમાં ઝણઝણાટી
• ચક્કર • સાયેટીકા
• ગરદન અને કમરના મણકાની તકલીફો
ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફીઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨



સૂર્યોદય - ૫.૫૪ સૂર્યાસ્ત - ૭.૧૨

## તિથિદર્શન

જેઠ વદ-૭ બુધવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ :સાતમ બુધવાર નક્ષત્ર: શતતારા રાત્રે ૮.૨૧ પછી પૂર્વભાદ્રપદ યોગ : વિષ્કુંભ કરણ:બાલવ આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**દરિદ્રતા ધીરતળા વિરાજતે,**
**કુરુપતા શીલતયા વિરાજતે**
**કુભોજનં ચોષ્ણતયા વિરાજતે,**
**કુવસ્ત્રતા શુભ્રતયા વિરાજતે**

કોઈ બાબત ખરાબ નથી પણ એમાં રહેલા સદ્‌ગુણ શુભત્વથી જોવામાં આવે તો તેનો દુર્ગુણ લેવાતો નથી. એવી સમજ સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ' નામના બીજા પ્રકરણમાં આપી છેઃ-

માણસમાં રહેલી ગરીબી- નિર્ધનતા- દારિદ્રય તે જ વ્યક્તિમાં ધીર- ગંભીરતા, અને સહનશીલ સ્વભાવને કારણે શોભે છે. માણસ કુરૂપ- કદરૂપ હોય, દેખાવે ગમતો ન હોય પરંતુ તેમાં રહેલા સદાચાર અને સાત્વિકતાને કારણે શોભે છે. હલકું, ખરાબ, મિલાવટવાળું(લારી- ગલ્લા અને બજારું વાનગીઓ) નું ભોજન ગરમ કરેલું, ગરમ ગરમ હાંડીમાં ધુમાડા નીકળતું આપણને પીરસવામાં આવે ત્યારે તે ગરમ અને તાજું લાગવાથી શોભે છે. ગટરના પાણીની પાણીપુરી, પગથી ગૂંદેલા લોટના ખારી બિસ્કિટ, પાઉં- બ્રેડ આપણે પ્રેમથી નથી ખાઈ જતા? પાઉં તો નામ પણ એટલે જ રાખ્યું છે, આવો હલકો ભૂંડો ખોરાક ખાવા લાઈનો લાગે, રિઝર્વેશન કરાવવા પડે, શોભે છે. વસ્ત્રો ભલે ફાટેલાં હોય, મેલાં- ગંદા (જિન્સ જેવાં) હોય પણ સારી રીતે ધોયેલાં અને ઈસ્ત્રી કરેલાં હોય તો શોભે છે. દરેક વસ્તુઓમાં કંઈક તો દુર્ગુણ હોય જ છે પણ એમાં રહેલાં સદ્‌ગુણ- શુભત્વ જોઈને તેને અપનાવવી જોઈએ, અથવા તેમાં રહેલા સદ્‌ગુણથી કોઈ બૂરી બાબત, દેખાવ પણ શોભી ઊઠે છે

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) વ્યાપાર-વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી મિલન થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) લાભની તક સાંપડે. મનમાં ઉત્સાહ રહે. નવિન સમાચાર મળે.**
**મિથુન : (ક.છ.ઘ.)વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**કર્ક : (ડ.હ.) મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.**
**સિંહ : (મ.ટ.)ગૃહજીવનમાં ચકમક ઝરે. મનમાં અશાંતિ રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.)અપયશના ભાગીદાર બનવું પડે. ધીરજ અને શાંતિથી દિવસ પસાર કરવો હિતાવહ.**
**તુલા : (ર.ત.)મનમાં વ્યથા-દુઃખ અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.**
**વૃશ્ચિક : (ન.ય.)ધીરજની કસોટી થાય. પરેશાની-તકલીફમાં વધારો થાય.**
**ધન : (ભ.ફ.ધ.) મિલન-મુલાકાતમાં સફળતા મળે. લાભની તક સાંપડે.**
**મકર : (ખ.જ.)મહેનતનું શુભ ફળ મેળવી શકશો. યાત્રા-પ્રવાસમાં લાભ થાય.**
**કુંભ : (ગ.શ.સ.)ધીરજ રાખવી હિતાવહ. નાણાંકીય લાભ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)મનની મુરાદ બર ન આવે. વ્યર્થ ચિંતા રહે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ઈ.સ. ૧૯૨૯નું સાહિત્ય માટેનું નોબેલ પારીતોષિક મેળવનાર મહાર જર્મન નવલકથાકાર શ્રી ટોમ માનનો જન્મદિન છે.

એમનો જન્મ બ્યૂબેક જર્મનીમાં ઈ.સ.૧૮૭૫ની ૬ઠ્ઠી જુને થયો હતો. તેઓ સંગીતના પણ ખુબ શોખીન હતા. એમણે અનેક નિબંધગ્રંથો, આત્મકથા અને અમર નવલકથાનો અમૂલ્ય વારસો વિશ્વસાહિત્યને ભેટ આપ્યો. તેઓ એક ઉત્તમ વિવેચક હતા અને પ્રતિભાસંપન્ન કટાક્ષ ચિત્રકાર પણ હતા. ઈ.સ. ૧૯૫૫માં એમનું નિધન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૦૬.૦૬.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૬૬૦ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૦૫.૦૬.૨૦૧૮ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૬૧૦ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૮૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૬૩૬ પોઈન્ટ થી ૧૦૬૪૬ પોઈન્ટ, ૧૦૬૬૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૬૬૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૫.૦૬.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૨૬૦ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૪૦૪ પોઈન્ટના પ્રથમ અને ૨૬૪૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૬૧૬૦ પોઈન્ટ થી ૨૬૧૦૧ પોઈન્ટ, ૨૬૦૨૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૪૭૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ડો. રેડી (૧૯૭૧) :- ફાર્મા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૯૫૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૯૪૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૮૮ થી રૂ.૧૯૯૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૦૦૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**ACC લિમિટેડ (૧૨૮૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૭૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૬૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૯૭ થી રૂ.૧૩૦૬ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**બાયોકોન લિમિટેડ (૬૧૦) :- રૂ.૫૯૩ નો પ્રથમ તેમજ રૂ.૫૮૬ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૬૨૩ થી રૂ.૬૨૬ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**તાતા સ્ટીલ (૫૭૬) :- સ્ટીલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૫૮૮ થી રૂ.૫૯૨ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૫૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ ઇન્ફ્રા (૪૧૭) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૯૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઇન્ફ્રાસ્ટ્રકચર સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૨૬ થી રૂ.૪૩૪ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૯૦૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટર નો આ સ્ટોક રૂ.૯૨૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૯૩ થી રૂ.૮૮૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**HCL ટેક્નોલોજી (૮૯૧) :- રૂ.૯૦૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૮૮૨ થી રૂ.૮૭૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૨૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**એકસિસ બેન્ક (૫૩૧) :- બેન્ક સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૫૪૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૨૦ થી રૂ.૫૧૩ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**BPCL (૪૦૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ PSU ઓઇલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૪૧૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૩૯૩ થી રૂ.૩૮૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૪૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**તાતા મોટર્સ (૨૮૭) :- રૂ.૨૯૬ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૦૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૮૦ થી રૂ.૨૭૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૧૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

## ડીસામાં શ્રી સરકારી ગોગા મહારાજના મંદિરે બીજા વાર્ષિકોત્સવ પ્રસંગે યજ્ઞ-રમેલ યોજાઈ

શ્રી ગોપાલ સેના રબારી સમાજ ડીસા-બનાસકાંઠા દ્વારા સુંદર આયોજન કરાયું



ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેરના હવાઈ પીલ્લર મેદાન સામે આવેલ ન્યાય સંકુલમાં બિરાજમાન શ્રી સરકારી ગોગા મહારાજના મંદિરે બીજા વાર્ષિકોત્સવ પ્રસંગે શ્રી ગોપાલ સેના રબારી સમાજ ડીસા-બનાસકાંઠા દ્વારા યજ્ઞ રમેલનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી ગોપાલ સેના રબારી સમાજ ડીસા-બનાસકાંઠા દ્વારા ડીસા શહેરના હવાઈ પીલ્લર મેદાન સામે આવેલ ન્યાય સંકુલમાં બિરાજમાન શ્રી સરકારી ગોગા મહારાજના મંદિર ખાતે દર વર્ષે રમેલનું આયોજન કરવામાં આવે છે. જ્યારે ગત વર્ષે શ્રી ગોગા મહારાજ અને શ્રી હનુમાન દાદાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી જેથી ચાલુ વર્ષે પણ જેઠ સુદ-૯ ના રોજ યજ્ઞ યોજવામાં આવ્યો હતો. જ્યારે રાત્રે ભુવાજી ચેહરાભાઈ દેસાઈ (ચાંગા) અને ભુવાજી રાણાભાઈ દેસાઈ (આસેડા) ની વિશેષ ઉપસ્થિતિમાં રમેલ યોજાઈ હતી. જ્યારે કલાકાર તરીકે ગેમરભાઈ ખાખડી અને મગશીભાઈ રસાણાએ રેગડીની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે ૧૧,૦૦૦ રૂા. નરસિંહભાઈ હાથીભાઈ જોટાણા (બાઈવાડા), સાઉન્ડના દાતા તરીકે જયેશભાઈ નોગોહ, શાલના દાતા ભુરાભાઈ દેસાઈ (જાકોલ) અને રાજુભાઈ દેસાઈ (મુડેઠા), નાસ્તાના દાતા માવજીભાઈ દેસાઈ (ડોડાણા), ચા ના દાતા તેજાભાઈ દેસાઈ (રડોસણ), વિડિયો શુટીંગના દાતા મહેશભાઈ નોગોહ, મિનરલ પાણીના દાતા તરીકેનો લાભ પ્રકાશભાઈ દેસાઈ (ભોંયણ) એ લીધો હતો.

શ્રી સરકારી ગોગા મહારાજના યજ્ઞ-રમેલ પ્રસંગે નરસિંહભાઈ જોટાણા (બાઈવાડા), બનાસકાંઠા જિલ્લા ગોપાલ સેના પ્રમુખ સાગરભાઈ દેસાઈ (બાઈવાડા), ડીસા ગોપાલ સેના પ્રમુખ રાજુભાઈ બાર, જીવાભાઈ ભાંગરા (રાણપુર), મોતીભાઈ આલ (કમોડા), બાબુભાઈ ભોકું (ભાસ્કર), કિરણભાઈ લોઢા (વડાવળ), બાબુભાઈ દેસાઈ (બલોધર), રમેશભાઈ દેસાઈ(ટેકરા) મહેન્દ્રભાઈ દેસાઈ (ટેકરા), મોતીભાઈ દેસાઈ (વજાપુરા) પરબતભાઈ દેસાઈ (દશાનાવાસ), અરજણભાઈ ઘોઘળ, લીલાભાઈ દેસાઈ (ગોઢા), મંદિરના પૂજારી વિજયભાઈ જોષી, કૌશલ જોષી, બળદેવભાઈ પંચાલ સહીત યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## શિહોરી ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત રેલી યોજાઈ



વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

શિહોરી તાલુકા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાન અંતર્ગત રેલી યોજાઈ હતી.

સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ઉત્સાહભેર ઉજવણીના ભાગરૂપે ગઈકાલે કાંકરેજ તાલુકા મથક શીહોરી ખાતે યોજાયેલ રેલીમાં કાંકરેજ મામલતદાર ચૌહાણ, તાલુકા વિકાસ અધિકારી અનિલભાઈ ત્રિવેદી, શિહોરી ગ્રામ પંચાયત તલાટી પંડ્યા તથા વિપુલ કાપડી, હીનાબેન ઠાકોર, રીયાબેન ત્રિવેદી, આંગણવાડી કાર્યકરબેનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## માધવ વિશ્વ વિદ્યાલયમાં પર્યાવરણ દિવસ મનાવાયો

આબુરોડ

માધવ વિશ્વ વિદ્યાલયમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના શુભારંભમાં વિશ્વવિદ્યાલયના રજીસ્ટ્રારે વિશ્વ સ્તરપર પર્યાવરણ દિવસ મનાવવા પર ભાર મુક્યો હતો. સાથે છોડવાઓનું રોપણ કરવાનું આહ્‌વાન કર્યું હતું.

વિશ્વ વિદ્યાલય ડો.મહેન્દ્રસિંહ પરમારે પર્યાવરણનું સંરક્ષણ - સંવર્ધન અને વિકાસનો સંકલ્પ લેવા જણાવેલ એન.એસ.એસ. સંગઠનના પ્રભારી ડો.તનુજા શરૂએ જણાવેલ કે આપણું જીવન સ્વસ્થ અને સુરક્ષિત ત્યારે જ થશે કે જ્યારે પૃથ્વી હરિયાળી બનશે આ કાર્યક્રમમાં સહપ્રભારી સંગીતાસિંહે પરંયાવરણ દિવસને રાષ્ટ્રીય પર્વના રૂપે મનાવવા અનુરોધ કર્યો હતો. જ્યારે વિનોદ શ્રીમાળીએ જળ સંરક્ષણ બાબતે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

કાર્યક્રમમાં અભિલાષા રોય, પ્રિતીકા ગુપ્તા, ગુંજન કુમારી, રાહુલ સોની, ઓમ પ્રકાશ, જીતેન્દ્ર સોની, રાકેશસિંહ, મહેન્દ્રકુમાર ગુ-ર્જર, રીતુકુમારી, પુજા કુમારી પુરોહિત, સુજીતકુમાર, પુજા અગ્રવાલ તથા અન્ય સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

## લિબર્ટી હાયર સેકન્ડરી(સાયન્સ) સ્કુલ ભાભરનું ગૌરવ



તા.પ્રતિનિધિ ભાભર

ભાભર ખાતે આવેલી લિબર્ટી હાયર સેકન્ડરી સ્કુલમાં ધો-૧૨ એચ.એસ.સી.ની કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાયેલ સીબીએસઈ નીટ-૨૦૧૮ પરીક્ષામાં રબારી અસ્મીતા અમરતભાઈ ૨૨૫ માર્કસ, ચૌધરી કિરણભાઈ હરેશભાઈ ૨૧૦ માર્કસ અને મુજપુરા નિધીબેન કમલેશ ભાઈએ ૧૭૧ માર્કસ સાથે ઉતીર્ણ થતાં સમગ્ર ભાભર સેન્ટર તેમજ તાલુકામાં ગૌરવ વધારેલ છે. સાથે સાથે સ્કુલમાં ૧૬ વિદ્યાર્થીઓ નીટ પરીક્ષા પાસ કરેલ છે.

## રીલાયન્સ ફાઉન્ડેશનના ઉપક્રમે રાધનપુર અને સાંતલપુર તાલુકામાં વિશ્વપર્યાવરણ દિનની ઉજવણી



ડીસા

રીલાયન્સ ફાઉન્ડેશન રાધનપુર અને વન વિભાગ પાટણ ના સંયુક્ત ઉપક્રમે રાધનપુર તાલુકાના નાયતવાડા અને સાંતલપુર તાલુકા ના ઉનરોટ મુકામે વિશ્વ પર્યાવરણ દિવસ ની ઉજવણી કરવામાં આવી, નાયતવાડા પ્રાથમીક શાળા ના પટાંગણમાં યોજાયેલા કાર્યક્રમમાં રાધનપુર વનવિભાગ ના અધિકારી શ્રી ચેતન પટેલ હાજર રહ્યા હતા તેઓએ રોજિંદા જીવનમાં પ્લાસ્ટિકની વપરાશ ઘટાડી વધુમાં વધુ વૃક્ષો ના વાવેતર પર ભાર મુક્યો હતો. આ સાથે વન વિભાગના સહયોગ થી ખેડૂતોને શેઢા પાળા પર વૃક્ષો વાવી વધારા ની આવક મેળવી શકાય તે માહિતી આપી હતી જીએનએફસી ના નીરવ કોરાટ દ્વારા નીમ પ્રોજેકટ અંગે માહિતી આપી મહિલાઓ ને લિબોળી એકત્ર કરી વધારાની રોજગારી મેળવી શકાય તેમ છે એમ જણાવ્યું હતું. બનાસ ફાર્મર્સ કંપની ના ડાયરેકટર કાનજી ભાઈ પરમારે નિમ સીડ કલેકશન નો નાયતવાડા ગામનો અનુભવ રજૂ કરી વધુ લોકો ને આ મિશન માં જોડાવા આહવાન કર્યું હતું. યુવા અગ્રણી લાખા ભાઈ રબારી એ પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું જ્યારે આચાર્ય શ્રી અશ્વિન નાયી દ્વારા પર્યાવરણ દિન નિમિત્તે આ સ્લોગન ઉચ્ચારી હાજર લોકો ને શપથ લેવડાવ્યા હતા. ૧ આવતી કાલને હરિયાળી બનાવવા અમે વધુ વૃક્ષો વાવીશું ૨.જીવનને બચાવવા માટે અમે પાણી બચાવીશું, ૩.અમે પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડીસું અને પૃથ્વી ને સ્વચ્છ અને સ્વસ્થ રાખીશું. ત્યારબાદ વૃક્ષારોપણ કરી કાર્યક્રમ ની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. ઉનરોટ મુકામે યોજાયેલા વન દિવસની ઉજવણી ના કાર્યક્રમ માં વારાહી સર્કલ ના દિપક ભાઈ અને ફોરેસ્ટ વિભાગ ની ટિમ હાજર રહી હતી. આ નિમિતે ખેડુત મિટીંગ યોજવામાં આવી હતી મીટીંગમાં પાણી રિચાર્જ કરવા અને ફળાઉ ઝાડ ના વાવેતર પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સાથે ગ્રામજનોએ પ્લાસ્ટિકનો ઉપયોગ નહી કરવા અને ઘરદીઠ એક વૃક્ષ ના વાવેતર ની પ્રતિજ્ઞા લીધી હતી સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા માટે રાધનપુર સ્થિત રીલાયન્સ ફાઉન્ડેશન ની ટિમ અને વનવિભાગ પાટણ જહેમત ઉઠાવી હતી.

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે

## વડોદરા જિલ્લાના માંગલ્યધામ માલસરખાતે ૭મી થી ધેનુ માનસ અને શ્રી ક્રિષ્ણ ચરિત્રામૃત



મનીષ જોષી

**સપ્તાહ દરમિયાન ઋષિકુમારો દ્વારા નિત્ય ગૌ યજ્ઞ પણ કરાશે**

વડોદરા

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના માંગલ્યધામ માલસરખાતે તા. ૭ થી ૧૩ દરમિયાન ધેનુ માનસ અને શ્રી ક્રિષ્ણ ચરિત્રામૃત તેમજ નર્મદા પૂજન અને ચૂંદડી મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે સપ્તાહ દરમિયાન ઋષિકુમારો દ્વારા નિત્ય ગૌ યજ્ઞ પણ કરાશે.

નર્મદા તટે વસેલા માંગલ્યધામ માલસરના ગજાનન આશ્રમખાતે પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે તા.૭મીને ગુરૂવારથી ધેનુ માનસ અને શ્રી ક્રિષ્ણ ચરિત્રામૃત સપ્તાહની વાજતે ગાજતે પોથી યાત્રા સવારે ૯ કલાકે નીકળશે.સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩:૩૦ થી સાંજે ૬:૩૦ સુધી ચાલનારી કથામાં તા. ૮ ને શુક્રવારે સવારે ૧૧ કલાકે કામધેનુ પ્રાગટ્ય, સાંજે ૫: ૩૦ કલાકે સુરભી પ્રાગટ્ય , તા. ૯ ને શનિવારે સાંજે ૪ :૩૦ કલાકે નર્મદા પૂજન અને ચૂંદડી મનોરથ , તા. ૧૦ ને રવિવારે બપોરે ૧૨ કલાકે રામ જન્મોત્સવ ઉજવાશે. જ્યારે કૃષ્ણ જન્મ - નંદોત્સવ સાંજે ૫ કલાકે ઉજવાશે. તા.૧૧ ને સોમવારે ગોવર્ધન પૂજા અને ગૌ પૂજન થશે. તા. ૧૨ ને મંગળવારે સાંજે શ્રીનાથજી ચરિત્ર અને રુક્મણી વિવાહનો પ્રસંગ જ્યારે તા. ૧૩ ને બુધવારે સવારે ૧૧ કલાકે સુદામા ચરિત્રના નિરુપણ બાદ કથાની પુર્ણાહુતિ થશે. કથાનું રસપાન શાસ્ત્રી પુ.શ્રી કમલેશ ભાઇ રાવલ કરાવશે. સપ્તાહ દરમિયાન રૂષિકુમારો દ્વારા નિત્ય ગૌ યજ્ઞ પણ કરાશે. આ કથાના યજમાન મુંબઇના પ્રભાબેન - શંભુ ભાઇ દોંગા છે. ગજાનન આશ્રમના ગુરુજી પુ.શ્રી વિજય ભાઇ જોષીએ જણાવ્યું છે.

## હિન્દવાણી રાજપૂત સમાજનું ગૌરવ



પ્રતિનિધિ લવાણા

તાજેતર માં લેવાયેલ નિટ-૨૦૧૮ પરીક્ષા નું પરિણામ જાહેર થતાં લાખણી તાલુકા ના અછવાડીયા અને જેતડા ગામ ના ખેડૂત પુત્રો એ પણ નિટ ની પરીક્ષા આપી સારું એવું પરિણામ મેળવી ગામ અને હિન્દવાણી રાજપૂત સમાજ નું ગૌરવ વધાર્યું છે.

શ્રી વિદ્યામંદિર લવાણા શાળા ના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હિન્દવાણી રાજપૂત સમાજના તેજસ્વી તારલા રાજપૂત (ચાવોડ) હિતેશભાઈ નારણભાઈ (અછવાડિયા) ૪૯૪ મર્કસ સાથે ૯૮.૧૧ પર્સન્ટાઈલ રેન્ક અને રાજપૂત (પઢાર) અજીતસિંહ ભુરાજી (જેતડા) ૩૪૩ માર્કસ સાથે ૮૯.૭૬ પર્સન્ટાઈલ રેન્ક સાથે ચાલુ સાલે લેવાયેલ નિટ-૨૦૧૮ ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ગામ તેમજ હિન્દવાણી રાજપૂત સમાજ નું ગૌરવ વધાર્યું છે. નિટ ૨૦૧૮ પરીક્ષા પાસ કરવા બદલ આ બંને વિધાર્થીઓ ને શ્રી વિદ્યામંદિર શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ડો. યુ.કે રાજપુત, હિન્દવાણી રાજપૂત સમાજ તેમજ સમગ્ર શાળા પરિવાર દ્વારા બિરદાવવામાં આવ્યા હતા.

## જેનાલ રબારી સમાજનું ગૌરવ



પ્રતિ. જેનાલ

ડીસા તાલુકાના જેનાલ ગામના રાહુલભાઈ જીવાભાઈ રબારી જે ડીસાની અબ-દાભાઈ હાઈસ્કુલમાં અભ્યાસ કરતો હતો. જેને ધોરણ-૧૨ ની બોર્ડની પરીક્ષામાં ૮૦.૮૯ ટકા પ્રાપ્ત કરી જેનાલ ગામ તેમજ રબારી સમાજનું ગૌરવ વધારેલ છે.

## થરા સી.એમ.શાહ કન્યા વિદ્યાલયનું ધો.૧૨ નું ૯૫.૧૨ ટકા પરિણામ

તા.પ્રતીનિધિ થરા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ ૨૦૧૮ માં લેવાયેલ ધો.૧૨ એચ.એસ.સી.અને ધો.૧૦ એસ.એસ.સી.ના જાહેર થયેલ પરિણામમાં કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શેઠ શ્રી સી.એમ.શાહ કન્યા વિદ્યાલય થરાનું ધો.૧૨ નું ૯૫.૧૨ ટકા જ્યારે ધો.૧૦ નું ૫૮.૧૮ ટકા પરિણામ જાહેર થયેલ છે. ધો.૧૨ માં દરબાર અસ્મિનબાનુ સિકંદરખા ૭૮.૫૭ ટકા, પરમાર મનીષાબેન પ્રહલાદભાઈ ૭૬.૮૫ ટકા, પ્રજાપતિ જાહન્વીબેન સુરેશભાઈ ૭૬.૪ ટકા પરિણામ સાથે શાળામાં પ્રથમ ત્રણ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ધો.૧૦ એસ.એસ.સી.નું ૫૮.૧૮ ટકા પરિણામ આપેલ. જેમાં દેસાઈ પરીબેન ભગવાનભાઈ ૮૫.૭૫ ટકા, પરમાર કોમલબેન વિનાભાઈ ૮૪.૩૨ ટકા જ્યારે ઠાકોર કુસુમબેન જયંતિજી ૮૧.૩૫ ટકા સાથે પ્રથમ ત્રણ સ્થાન મેળવેલ. કેળવણી મંડળના ઉત્સાહી પ્રમુખ ધીરજભાઈ કે.શાહ તથા ઈન્ચાર્જ આચાર્ય કે.ડી.જોષીએ તેજસ્વી છાત્રાઓને અભિનંદન પાઠવેલ.

## ધાનેરામાં બ્રહ્મા કુમારીઝ દ્વારા પર્યાવરણ જાગૃતિ રેલી તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



એન.કે.મોદી

(પ્રતિ.) ધાનેરા

આજે ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે પર્યાવરણની જાળવણી માટે સયુંકત રાષ્ટ્રસંઘ દ્વારા ૫ જુનના દિવસને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવેલ છે ત્યારે પર્યાવરણની જાળવણી અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે ધાનેરામાં પણ આજે સવારે બ્રહ્મા કુમારીઝ વિશ્વ વિદ્યાલય ધાનેરા દ્વારા જન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જે બ્રહ્મા કુમારીઝ કેન્દ્રથી શરૂ થઈ શહેરના જાહેર માર્ગો પર ફરી હતી જે બાદ પ્રગતિ નગર ખાતે બ્રહ્મા કુમારીઝ કેન્દ્ર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં બ્રહ્મા કુમારીઝના રેશ્મા દીદી તેમજ ફોરેષ્ટ વિભાગ ધાનેરાના ઈન્ચાર્જ આર.એફ.ઓ. એન.કે. ગઢવી, વન રક્ષક જી.વી.પટેલ, એન.સી.ચૌધરી,બી.એસ.રાઠોડ રિટાયર્ડ આર.એફ.ઓ.ગોવિંદભાઈ પટેલ સહિત બ્રહ્મા કુમારીના કાર્યકર ભાઈઓ બહેનો દ્વારા વરોક્ષરોપણ કરવામાં આવ્યું હતું.

# તંત્રી સ્થાનેથી ...

**દરેક અંધકાર એ પ્રકાશ આવવાનો સૂચક છે.**

## નેપાળ સરહદેથી ભારતમાં માદક પદાર્થની તસ્કરીને રોકવી જરૂરી

ભારત- નેપાલ સરહદ પરથી કોઈ પણ જાતના અવરોધ વિના કોકેઈન નશાનો ગેરકાયદે ધંધો ચાલી રહ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. નેપાલ સરહદેથી અગાઉ ભારતમાં જાલીનોટો ઘુસાડવાનો કારોબાર કોઈપણ જાતની રોકટોક વિના ચાલતો હતો. હાલમાં નેપાલ અને પાકિસ્તાનથી જાલીનોટો- માદક પદાર્થની દાણચોરી(ઘુસણખોરી) યથાવત રહેવા પામી છે. ભારત- નેપાળ વચ્ચેની નિયંત્રણ રેખા કોઈ પોલીસ ફોર્સના નિયંત્રણમાં નથી.

ભારત- નેપાળ વચ્ચે ડઝન બંધ વ્યાપારીક માર્ગ છે, આ ખુલ્લી સરહદ પર અસંખ્ય ચોર દરવાજા છે અને ૨૦૦ થી વધુ નદી નાળાં છે. એટલે બે નંબરી ધંધા કરનારા મહારથીઓને જલસા થઈ જતાં હોય છે.

વર્તમાન સંજોગોમાં માદક પદાર્થની કિંમતોમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો છે. તેમાં વળી ચરસ- ગાંજો, કોકેઈન, હેરોઈનનું વધુ પ્રમાણમાં અને ઊંચી કિંમતે વેચાણ થાય છે. ભારતમાં અસંખ્ય માદક પદાર્થનો ધંધો કરતા બુટલેગરો ચરસ- ગાંજો ભરેલી સીગારેટ અને તેની નાની ગોળીઓનું ધૂમ વેચાણ થાય છે. ભારત જેવા દેશના મહાનગરોમાં ચરસ- ગાંજાની કિંમતમાં વધારો થયો હોવા છતાં તેના બંધાણી વધી ચુક્યા છે. હવે તો દિલ્હી- કોલકત્તા જેવા શહેરોમાં કોલેજના છોકરા- છોકરીઓ પણ ચરસની ગોળીઓ કે ચરસની સીગારેટના યાદી બની ચુક્યા છે. આમાં ભાવતાલ જોવામાં આવતા નથી. ભારત- નેપાળની સરહદ ઉપર મહિલાઓ પણ માદક પદાર્થની હેરાફેરી કરે છે, સરહદી જિલ્લા પોલીસ કે સશસ્ત્રદળનો ડર રાખ્યા વિના માદક પદાર્થનો ધંધો પૂરબહારમાં ખીલી ઉઠ્યો છે.

આજે દેશભરમાં માદક પદાર્થના બંધાણી બની ચુકેલ યુવાધન પોતાના શરીરને ખોખલું બનાવી રહેલ છે. સરકારી માદક પદાર્થની તસ્કરીને રોકવા માટે એક સર્વગ્રાહી નીતિ અખત્યાર કરવી પડે તેમ છે.

ભારત- નેપાલ વચ્ચેની નિયંત્રણ રેખા પર કોઈપણ જાતના અવરોધ વિના અસામાજીક તત્વો અને નામી- બુટલેગરો તમામ પ્રકારની તસ્કરી કરી રહ્યો છે. બંને દેશની બોર્ડર પર દાણચોરી વ્યાપક પ્રમાણમાં ચાલતી હોવાનું પણ કહેવાય છે. જેમાં કેફી દ્રવ્યો, ઢોર- ઢાંખર, હથિયારો અને માનવ તસ્કરી માટે આ ખુલ્લી સરહદ પર કાયદો વ્યવસ્થાના ધજાગરા ઉડી રહ્યા છે! વર્તમાન સ્થિતિમાં સમગ્ર સરહદને ફુલ- પ્રુફ બનાવવી અશક્ય છે. અહીંની બોર્ડરના અસંખ્ય લોકો બેવડી નાગરિકતા ધરાવે છે. બંને બાજુ ખેતી થાય છે.બિહારના પશ્ચિમી ચંપારણ જિલ્લાના સુસ્તાથી વાલમીકી નગર રકસૌલ સુધી ખુલ્લી નેપાળ સરહદનો ૧૨૦ કિ.મી.નો રસ્તો નદી- નાળાં, ગાઢ જંગલો, પર્વતો - વચ્ચેનો છે. આ સમગ્ર માર્ગ પર વ્યાપક દાણચોરી થાય છે. કાયદાની કલમો ધરતી ઘણીબધી છે. પરંતુ ભારત- નેપાલ સરહદ પર કાયદાની કલમો જુઠ્ઠી સાબિત થઈ ચુકી છે.

એક સપ્તાહ પહેલા નેપાળથી ભારત લાવવામાં આવેલી છ છોકરીઓ સરહદ નજીકની નદી વિસ્તારમાંથી પકડાઈ હતી, સરહદ પરથી થતી માનવ તસ્કરીને રોકવા કાયદાને વધુ સખ્ત બનાવવામાં આવે તો તમામ પ્રકારની તસ્કરીને રોકી શકાય તેમ છે. સરકારે આ અંગે જાગૃત થવું જોઈએ.

ભારત- નેપાળ સરહદ પર મની એક્સચેન્જનું કામકાજ કોઈપણ પ્રકારની રોકટોક વિના ચાલતું હોવાનું પણ બહાર આવેલ છે. નેપાળના વીરગંજમાં રાષ્ટ્ર બેન્કમાં ૧૬૦ રૂા. નની નેપાળી નોટ આપવાથી ભારતીય ચલણની ૧૦૦ ની નોટ મળી શકે છે. આમ ગેરકાયદે ખુલેલા મની એક્સચેન્જ સેન્ટરોની ઉચ્ચસ્તરે તપાસ થવી જરૂરી છે.

## અનિલ કપુર તેમજ સોનમ કપુર એકસાથે નજરે પડશે

મુંબઇ

ફિલ્મ નિર્માતા વિધુ વિનોદ ચોપડા હવે અનિલ કપુર અને પુત્રી સોનમ કપુરને લઇને ફિલ્મ બનાવવાની તૈયારી કરી ચુક્યા છે. આ ફિલ્મનુ નામ એક લડકી કો દેખા તો એસા લગા રાખવામાં આવ્યુ છે. મળેલી માહિતી મુજબ આ ફિલ્મને વિધુની બહેન શૈલી ચોપડા નિર્દેશન કરનાર છે. આ સંબંધમાં વાત કરતા વિધુ વિનોદ ચોપડાએ વિગત આપતા કહ્યુ છે કે આ એક ખુબ મોટી બાબત છે. તે આને લઇને ખુબ ઉત્સાહિત છે. અનિલ કપુરની સાથે ફિલ્મને લઇને તેઓ પહેલાથી જ આશાવાદી હતા. અનિલ કપુર અને સોનમ એક સાથે કામ કરી રહ્યા છે. અનિલ કપુર તો વિતેલા વર્ષોમાં સુપર સ્ટાર તરીકે હતો. તહેની બોલબાલા સમગ્ર ભારતમાં જોવા મળી હતી. તે વિતેલા વર્ષોમાં રામ લખન, કર્મા, ઈશ્વર જેવી અનેક ફિલ્મ કરી ચુક્યો છે. બીજી બાજુ સોનમ કપુર હાલમાં યુવા પેઢીમાં લોકપ્રિય અભિનેત્રી છે. સંજયની બાયોપિક ફિલ્મ પણ તૈયાર કરવામાં આવી રહી છે. જેમાં રણબીર કપુર મુખ્ય રોલમાં નજરે પડી રહ્યો છે. આ ફિલ્મમાં પણ સોનમ કપુર નાનકડી ભૂમિકા અદા કરી રહી છે. સંજય દત્તની પત્નિ માન્યતાના રોલમાં ફિલ્મમાં દિયા મિર્જા નજરે પડનાર છે.

સોનમ કપુર અને અનિલ કપુરની ફિલ્મને લઇને હજુ સુધી નામનની જાહેરાત કરવામાં આવી હતી. જો કે ફિલ્મને લઇને ટુંક સમયમાં જ નામની જાહેરાત કરવામાં આવનાર છે. અન્ય કલાકારોના નામની જાહેરાત હવે કરવામાં આવનાર છે. સોનમ કપુર બોલિવુડમાં મોડલિંગને લઇને પણ લોકપ્રિય રહી છે. સોનમ કપુરે બોલિવુડ કેરિયરની શરૂઆત સાવરિયા મારફતે કરી હતી. આ ફિલ્મ મારફતે જ રણબીરે પણ પોતાની કેરિયર શરૂ કરી હતી.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## પર્સનલ લાઈફ

કમલ ધારા - કનુભાઇ આચાર્ય

સાગર ઉછળે... શંખલાં ને છીપલાં કિનારા પર વેરાય તેને મોતી માની લેવાની ભૂલ કોઈ કરે તો...? લાગણીઓમાં ઘનઘોર પ્રાચીના હર શબ્દને હું ય મોતી માનતો હતો! પણ હવે સમજાયું કે રાતભર ઉછાળો મારી મારીને સાવ ખામોશ થઈને પડેલા સાગરની જેમ હવે પ્રાચીમાંય ઓટ આવવા માંડી છે. હવે મને લાગે છે કે જાણે હું તુટી રહ્યો છું. પ્રેમના એ બધા જુઠા શબ્દો, જવા દો ને...? આ જુઓને, આજે સાંજે જ પ્રાચીએ કેવું કર્યું?

''પ્યાસા'' મારું ફેવરિટ પિક્ચર હવે મોડેલમાં જૂના પિક્ચરોની સિરીઝ શરૂ થઈ હતી. જૂના પિક્ચરોનો 'ક્રેઝ' પાછા જતા થયા છે. એ રોમાંચને માણી લેવા મેં ઓફિસ જતાં જ બે ટીકીટનું બુકીંગ કરાવી દીધું હતું. સાંજે ઓફિસથી અર્ધો કલાક વહેલી રજા લઈને હું ઉત્સાહભેર ઘેર દોડી આવ્યો.

''પ્રાચી, ચલ જલ્દી તૈયાર થઈ જા. સાંજના શોની ટિકીટ લાવ્યો છું.''

''કયું પિક્ચર છે?'' પ્રાચીએ પૂછવા ખાતર પૂછ્યું. ને પાણીનો પ્યાલો લેવા માટે અંદર ગઈ. હું પણ તેની પાછળ પાછળ અંદર જતાં બોલ્યો 'પ્રાચી તને ખુબ પ્રિય છે ને એજ પિક્ચર. પ્યાસા...'

'હું....' ઉત્સાહ વગરનો હુંકાર ભરીને તેણે મને પાણી આપ્યું.

''ચાલ જલ્દી સમય ઓછો છે' મેં ઘડિયાળમાં નજર કરતાં કહ્યું.

'મનોજની તબીયત બરાબર નથી.'

'શું થયું છે મનોજને?' મારી આંખ થોડીક પહોળી થઈ ગઈ.

''બપોરે સ્કૂલથી આવ્યો, ત્યારે એકદમ તાવ ચડી ગયેલો. મેં એને સ્કુલ પણ જવા દીધો નથી. જુઓને, શરીર કેટલું ગરમ છે?'' કહીને પ્રાચી અંદરના રુમમાં જ્યાં મનોજ સૂતો હતો ત્યાં ચાલી. પ્રાચી મને એ બતાવવા ઈચ્છતી હતી કે મનોજને ઘણો તાવ છે. હું તેની પાછળ મનોજનો તાવ જોવા નહીં, પ્રાચીની સચ્ચાઈ જોવા અંદર ગયો. મે મનોજનો હાથ ઝાટકા સાથે પકડ્યો. પ્રાચીને એ ન ગમ્યું. તેના મોં ઉપર અણગમાની સ્પષ્ટ રેખા ઉભરાઈ આવી. ભલે ઉભરાય મારે શું.

'ઓહ! આ તે તાવ કહેવાય? પ્રાચી, અત્યારે તો શરીર સાવ ઠંડુ છે. મને ખબર છે, સ્કૂલ નથી જવું ને? એટલે એ આવાં બધાં બહાનાં કાઢે છે...' મેં ઉગ્ર અવાજે કહ્યું.

''ના... ના... એવું નથી. એ આવ્યો ને ત્યારે તાવથી શરીર ખદબદતું હતું. મેં એકદમ દવા આપી એટલે તાવ ઊતર્યો છે.'

'પણ... તો પછી મારે આ ટિકિટનું શું કરવું?'' મેં ચીડાઈ જતાં પૂછ્યું.

''મનોજને આવી રીતે મૂકીને હું શી રીતે આવી શકું?'' સ્વસ્થ સ્વરે પ્રાચીએ કહ્યું.

''મનોજ... મનોજ... મનોજ, જ્યારે જુઓ ત્યારે મનોજ.'' હું છંછેડાઈ ગયો હતો.

''એમ કરોને? તમે એકલા જઈને પિક્ચર જોઈ આવો.''

'' ગયો છું? ક્યારેય ગયો છું, તારા વગર?'' મેં ઘાંટો પાડ્યો.

'પણ મનોજને આવા તાવમાં એકલો મૂકીને આવતાં મારો જીવ કેવી રીતે ચાલે? ત્રણ કલાક જેટલા લાંબા સમયમાં ક્યાંક તાવ ચડે તો શું થાય?'' પ્રાચીએ ચિંતા પ્રગટ કરી.

''સમજું છું... બધું ય સમજુ છું તારાં બહાના છે આ બધાં. તારે આવવું નથી ને એટલે તું આવી બધી વાતો કરે છે.'' મેં પગ પછાડતાં કહ્યું.

''રાકેશ, મનોજ તમારો નાનો ભાઈ છે. ને મારે એને સાચવવાનો છે.'' પ્રાચીએ શાંત સ્વરે કહ્યું.

''તો એને લઈને ન જવાય...'' મેં ઝાંઝિયું કરતાં કહ્યું.

'આટલી ઠંડીમાં..? એ બેસી કેવી રીતે શકશે? ને ત્યાં તાવ ચડે તો? નાહક, તમારે મારી સાથે પાછા આવવું પડે, એના કરતાં તમે એકલા જઈ આવો'' પ્રાચીએ મને સમજાવતાં કહ્યું.

''તમે સ્ત્રીઓ કાગનો વાઘ બનાવાવમાં ઉસ્તાદ કેવી કેવી કલ્પનાઓ કરે છે તું...? મનોજ આવશે તો ચૂપચાપ બેસી રહેશે કાંઈ આકાશ તૂટી પડવાનું નથી?''

''તમે કેમ સમજતા નથી. રાકેશ? આવી સ્થિતિમાં તેને કેવી રીતે લઈને અવાય?''

''મને ખબર છે તારે મારી સાથે નથી આવવુ એટલે...?'' કહીને ગુસ્સામાં ને ગુસ્સામાં મેં પિક્ચરની ટિકિટ ખિસામાંથી બહાર કાઢીને પ્રાચીના દેખતાં જ ફાડીને ટૂકડે ટૂકડા કરી નાંખી. દસ વર્ષનો મનોજ જાણે તેનું હૈયું ચિરાયું હોય તેમ, એક નિશ્વાસ નાખી આંખ બંધ કરી ગયો.

ક્રમશઃ

- કનુ આચાર્ય

## પ્રીતિકા રાવ અને પ્રિયાંક શર્મા ત્રીજી વખત ભાગ્યશાળી નીવડ્યા ?



&TV નવીનક્કોર પ્રોપર્ટી લાલ ઈશ્ક લાવવા માટે સુસજ્જ છે. દર્શકોને આ એપિસોડિક સિરીઝમાં ટેલિવિઝનના અમુક લોકપ્રિય ચહેરાઓ જોવા મળશે. રોમાન્સ અને રોમાંચના અસાધારણ સંયોજન સાથે શોમાં પ્રેમ એ રીતે દર્શાવવામાં આવ્યો છે કે પ્રેમકથાઓનો અંત સારો જ હોય છે વિચારધારાથી અલગ વિચાર કરવો પડશે. આ શો દર્શકો માટે સુપરનેચરલ વળાંક સાથે જોશીલી પ્રેમકથાની સિરીઝ લાવે છે.

શો જૂનમાં લોન્ચ કરાશે, જે પછી એપિસોડિક ફોર્મેટમાં લોકપ્રિય ટેલિવિઝનના ચહેરાઓ અને દંપતીઓ તમારા હૃદયને સ્પર્શે અને તમને સ્તબ્ધ કરી નાખે તેવી રોચક વારતાઓ લઈને આવશે. શોના નિર્માણકારોએ પ્રેમકથાઓની આ અજોડ સિરીઝ શરૂ કરવા માટે પ્રિયાંક શર્મા અને પ્રીતિકા રાવને રોક્યા છે.

## અમદાવાદમાં ૯ પેરા- એથલિટ્સનું હોર્સ-રાઈડિંગ



શાંતિ શાહ

અમદાવાદમાં રવિવારે સવારના પ્રારંભિક કલાકોમાં ૯ ઘોડેસવારો લૉ ગાર્ડનની આસપાસ ફરતા હતા. આ કોઈ સામાન્ય ઘોડેસવાર ન હતા, તેમ છતાં આપણાં દેશના તાજેતરના ઈતિહાસમાં પ્રથમ વખત, પેરા-એથલિટ્સની એક ટીમ, વિવિધ ભૌતિક મર્યાદાઓ ધરાવતા લોકો, હોર્સ રાઈડિંગમાં જોડાયા હતા. તેમની સાથે ગુજરાત ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના એડિશનલ ડીજીપી, શ્રી શમશેર સિંઘ (આઈપીએસ), અને તેમના કોચ / ટ્રેનર, ભાવિનસિંહ રાઘવ ઉપસ્થિત રહ્યા હતા.

બાદમાં સાંજે વાઈએમસીએ કલબમાં, વ્હીલચેર ટૅનિસ નેશનલ ચેમ્પિયન્સ તાલમનાડુના બાલચંદર સુબ્રમણ્યમ, અને આપણા અમદાવાદના પોતાના મધુ બાગરીએ કમિશનર અને ગ્રામીણ વિકાસ વિભાગના સચિવ મોના ખંધાર (આઈ.એ.એસ.) સાથે ટેનિસ કોર્ટ શેર કર્યો. આદિત્ય મહેતા ફાઉન્ડેશન એક ઉત્સુક ટેનિસ ખેલાડી અને આપણા દેશના મહેનતુ પેરા એથલિટ્સના પરિશ્રમ પર પ્રકાશ ફેંકવા માટે આ કાર્યક્રમોનું આયોજન કરે છે.

## યૂએન ગ્લોબલ કૉમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયા ૮ જૂન ૨૦૧૮ના રોજ બેંગ્લોરમાં રાષ્ટ્રીય સમ્મેલનનું આયોજન કરશે

યુનાઈટેડ નેશન્સ ગ્લોબલ કૉમેપેક્ટ, ન્યૂયોર્કનું સ્થાનીય નેટવર્ક ગ્લોબલ કૉમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયા (GCNI) પોતાના વાર્ષિક કાર્યક્રમ ૧૩માં રાષ્ટ્રીય સમ્મેલનનું આયોજન કરી રહ્યું છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સઃ અ બ્લુ ફ્રિંટફૉર એક્શન વિષય પર આ સમ્મેલનનું આયોજન ૮ જૂન, ૨૦૧૮ના રોજ હોટલ શૈંગરી-લા, બેંગ્લોરમાં કરવામાં આવશે.

શ્રી કમલ સિંહ, ઈડી, જીસીએનઆઈએ કહ્યું, જીસીએનઆઈ સમ્મેલન ૨૦૧૮નો વિષય એવાં પ્રયાસો પર જોર પાડે છે, જે સ્થાઈ વિકાસના લક્ષ્યોને પ્રાપ્ત કરવાં અને રાષ્ટ્ર નિર્માણ માટે આનિવાર્ય છે. આમાં કેટલીક વિશેશ અનધારણાઓ સામેલ છે જેમ કે, એસડીજી પર સંગઠનાત્મક પર ફોર્મેન્સ, સર્કુલર ઈકોનોમી વગેરે. જેને ઈન્ડિયાને આવનાર વર્ષોમાં અપનાવવું પડશે.

આ વર્ષે આ સમ્મેલન અત્યંત મહત્વપૂર્ણ છે કારણકે આ સાથે જ ૭ જૂન, ૨૦૧૮ના રોજ હોટલ શૈંગરી-લા, બેંગ્લોરમાં યૂએન ઈન્ડિયા બિઝનેસ ફોરમનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. એક્સેંચર GCNI ના નોલેજ પાર્ટનરના રૂપમાં પોતાનું સમર્થન આપશે. ડૉ હર્ષ વર્ધન, (માનનીય કેન્દ્રીય મંત્રી, વિજ્ઞાન તથા પ્રોદ્યોગિકી મંત્રાલય (ભારત), પર્યાવરણ, વન તથા જલવાયુ પરિવર્તન મંત્રાલય અને પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય, ભારત સરકારના મુખ્ય અતિથિ)ના રૂપમાં કાર્યક્રમની શોભા વધારવા માટે આમંત્રિત કરવામાં આવ્યાં છે, જ્યારે નીતિઆયોગના સીઈઓ શ્રી અમિતાભ કાંત કાર્યક્રમના મુખ્ય પ્રવક્તા હશે.

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી પ્રેરણાથી મફત મેડિકલ કેમ્પ

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી પ્રેરણાથી હવે જરૂરિયાત પૂર્ણ તમામ વ્યક્તિઓની સારવાર થઈ શકશે...જેનો લાભ આપની આસપાસ રહેતાં તમામ લોકોને મળી શકશે...નાનાથી નાના અને મોટામાં મોટા રોગોની ચકાસણી અને જરૂરિયાત પ્રમાણેની દવા આ મફક મેડિકલ કેમ્પમાં આપવામાં આવશે. આગામી ૧૦ જુન ૨૦૧૮ના રવિવાર રોજ સમગ્ર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના પ્રતિનિધી શેઠ આણંદજી કલ્યાણજી પેઢીની પ્રેરણાથી પાલિતાણાના રોહીશાળા ગામે મફત મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.રવિવારના રોજ સવારે ૮.૦૦ વાગ્યાથી લઈને બપોરના ૧૨.૩૦ વાગ્યા સુધી આ કેમ્પનું આયોજન કરાયુ છે. મેડિકલ કેમ્પમાં શ્વાસ, દમ, ટીબી, દાંત, ડાયાબિટીસ, હૃદયની બીમારી, હાડકાંના દર્દ, ચામડીના રોગો, સ્ત્રી રોગ, આંખના રોગ, તાવ, ખાંસ,શરદી જેવા અનેક દર્દોની તપાસ અને દવા તદ્દન મફત કરવામાં આવશે...હૃદયની બીમારીથી પીડિતા વ્યક્તિઓને કાર્ડિયોગ્રામ મશીન દ્વારા કાર્ડિયોગ્રામ કાઢીને મુક્ત સારવાર પણ કરાશે.

## કુશલ પંજાબી કલર્સના ''ઈશ્ક મે મરજાવાં''માં પ્રવેશ કરે છે



કલર્સનો લોકપ્રિય મિસ્ટ્રી ડ્રામા 'ઈશ્ક મે મરજાવાં', એક પ્રેમ કહાણી જે છેતરપિંડીથી ઘેરાયેલી છે ટૂંક સમયમાં જ કુતુહલપૂર્ણ કથારેખામાં એક રસપ્રદ ઉમેરો જોશે. ડેન્ની (ધનંજય) મનચંદા નામના નવા પાત્રનો થઇ રહેલ પ્રવેશ, ટેલિવિઝનના સોહામણા યુવાનિયા કુશલ પંજાબી દીપ (અર્જુન બિજલાની) અને આરોહી (આલિશા પંવાર) વચ્ચેના સબંધના પરિમાણોને પરિવર્તિત કરી દેનાર હશે. ઈશ્ક મે મરજાવાં દર સોમવારથી શુક્રવાર સાંજે ૭.૩૦ કલાકે ફક્ત કલર્સ પર દર્શાવવામાં આવે છે.

પોતાની ભૂમિકા બાબતે ટિપ્પણી કરતાં, કુશલ પંજાબીએ કહ્યું, "ઈશ્ક મે મરજાવાં સરસ ફેન બેઝ સાથે ક્ષ્ડ ટોચના ટેલિવિઝન શોમાંથી એક છે અને આનો ભાગ હોવા બાબતે હું અત્યંત ઉત્સાહિત છું. મારું પાત્ર ડેન્ની આકર્ષક વ્યક્તિત્વ ધરાવતાં એક વકીલ છે જે જાણે છે કે પોતાનું કામ કેવી રીતે કઢાવી લેવું તે જાણે છે. વકીલની ભૂમિકા ભજવવી એ ખાસ્સું પડકારરૂપ છે અને આને ગળે ઉતરે તેમ કરવા શકય બને તે માટે હું આ વ્યવસાય પર મારું ગૃહકાર્ય કરી રહેલ છું. મને હંમેશા વિભિન્ન પાત્રો સાથે છબછબિયાં કરવાનું પસંદ આવ્યું છે અને આ એમાંથી એક છે કારણ કે તેમાં એક વકીલ માત્ર કરતાં ઘણું બધું વધારે છે.

## યામાહા એ પર્યાવરણની સુરક્ષા માટે તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો



શાંતિ શાહ

વિશ્વ પર્યાવરણ દિવસના પ્રસંગે ભારતમાં અગ્રણી ટુ-વ્હીલર નિર્માતા યામાહા મોટર ઈન્ડીયા ગ્રુપ (વાયએમ આઈજી) એ મંગલવારે રાષ્ટ્રિય સ્તરે તેના પ્લાન્ટસ અને ડિલરશીપમાં પર્યાવરણ સપ્તાહની (૫ જૂન થી ૧૧ જૂન) શરૂઆત કરી છે. આ વર્ષે સંયુકત રાષ્ટ્રના થીમ 'બીટ ધ પ્લાસ્ટીક પોલ્યૂશન' (પ્લાસ્ટીક પ્રદુષણને હરાવો) નું પાલન કરતા કંપનીએ તેના કર્મચારીઓ વચ્ચે ટકાઉ વિકલ્પોનો પ્રયોગ કરવા અને એકવાર વપરાશ બાદ ફેકી દેવામાં આવતા પ્લાસ્ટીક પ્રોડકટસનો વપરાશ નહી કરી પ્લાસ્ટીકનો કચરો ઓછો કરવા વિશે જાગૃતિ ફેલાવવા માટે કેટલીય પ્રવૃતિઓ અને સ્પર્ધાઓનું આયોજન કર્યુ છે.

આ કાર્યક્રમ અંતર્ગત કર્મચારીઓને પ્લાસ્ટીક કચરાના પ્રબંધન નિયમ ૨૦૧૬ વિશે પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ વિશેષ સત્રમાં કર્મચારીઓને પ્લાસ્ટીકના વપરાશના દુષ્પ્રભાવો અને ગેરલાભો, પ્લાસ્ટીકથી પર્યાવરણને થતા નુકસાન અને મોટો જોખમ તથા પ્લાસ્ટીક કચરા કેમ ઓછા કરવો તે વિશે શિક્ષિત કરવામાં આવ્યા હતા. તે સિવાય, યામાહાએ ૧૦૦ વૃક્ષોનું રોપણ કર્યુ અને દેશભરમાં તેના કર્મચારીઓ, ડિલરો અને ગ્રાહકોમાં તુલસીના ૫૦૦૦ કરતા વધારે છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## પ્લાસ્ટીક બની રહ્યું છે પર્યાવરણ માટે વિનાશકારી

આજે ભારત એવા દેશોમાનો એક દેશ છે કે જે વધુ પ્રમાણમાં પ્લાસ્ટીકના ઉપયોગ અને પ્લાસ્ટીક કચરાના કારણે પ્લાસ્ટીકની સમસ્યા સાથે સંઘર્ષ કરી રહ્યો છે. વપરાયેલા અને ન વપરાયેલા ઉત્પાદનોની આ વિશાળ માત્રા, જેમાં પણ વિશેષ કરી પ્લાસ્ટીક બેગ ગટરની લાઈન અને પાણી નીકળવાના વિવિધ માર્ગ ચોકઅપ કરી રહ્યા છે. તો તેના કારણે લોકો આજે અનેક સમસ્યાનો સામનો કરી રહ્યા છે. તો કેટલીકવાર પ્લાસ્ટીક ખુબ મોટી મુશ્કેલી પણ ઉભી કરી રહ્યું છે. તો સાથે સાથે ગાય જેવા પશુઓ પણ રસ્તા પર પડેલા પ્લાસ્ટીકને આરોગીને કમોતે મરી રહ્યા છે. અને આ બધુ જ જાણે ભારતમાં સામાન્ય રીતે જોવા મળી રહ્યું છે. આ સિવાય પણ પ્લાસ્ટીકના કારણે વાતાવરણ પ્રદુષીત થઈ રહ્યુ છે. જેમાં પર્વતો, નદીઓ, દરીયા અને જંગલો પણ બાકી રહ્યા નથી. અને આ પ્રદુષીત વાતવરણ માનવ સહિત પશુઓને પણ રોગીષ્ટ બનાવીને અકાળે મૃત્યુ તરફ ધકેલી રહ્યું છે. કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડના આંકડાઓ પર નજર કરીએ તો ધ્યાનમાં આવે છે કે ભારતના ટોચના ૬૦ શહેરો પ્રતિદિન આશરે ૧૬૦૦૦ ટન પ્લાસ્ટીક કચરો પેદા કરે છે. જેમાંથી ૬૦૦૦ ટન કચરાનો નિકાલ થઈ શકતો નથી. એટલે કે આ કચરો ક્યાંક નદી-નાળા કે અન્ય જગ્યા પર ફસાયેલો રહે છે. તો વળી માત્ર હૈદરાબાદ શહેર જ દરરોજ ૫૦૦૦ ટન કચરો પેદા કરે છે. જેમાંથી ૧૫ ટકા કચરો પ્લાસ્ટીકનો હોય છે. પ્લાસ્ટીકના પ્રદુષણને રોકવા કે ઘટાડવા માટે તે જાણવું અત્યંત મહત્વનું છે કે આપણા દ્વારા આપણી ઈકોસિસ્ટમને કેવી રીતે નુકશાન પહોંચાડવામાં આવી રહ્યું છે. અને તેને બચાવવા માટે આપણે કેવી રીતે યોગદાન આપી શકીએ. એ વાતનું સતત સમર્થન વધી રહ્યું છે કે રાસાયણિક બિલ્ડીંગ બ્લોક કે જે પ્લાસ્ટીકને બહુમુખી બનાવીને તેનાથી નુકશાનને વધારે છે. જેના ઉપયોગથી પર્યાવરણને નુકશાન પહોંચે છે. ઉદાહરણ તરીકે

પ્લાસ્ટીકમાં ઉમેરાયેલા વિવિધ કેમીકલ માનવ શરીર દ્વારા શોષય છે. જેમાંના કેટલાક સંયોજનો માનવ હોર્મોન્સને બદલે છે જેનાથી સ્વસ્થયને નુકશાન થાય છે.

પ્લાસ્ટીકના સ્લેબ, કે જે રસાયણોથી ઘેરાયેલા હોય છે. તે પાણીમાં જવાથી ત્યાં પણ ઝેર બનાવે છે. જે પાણી પશુ-પક્ષીઓ પીવાથી તેમને પણ નુકશાન થાય છે.

ફોલટીંગ પ્લાસ્ટીક કચરો, કે જે અનેક વર્ષો સુધી પાણીમાં રહી શકે છે. જે પાણીને તો નુકશાન કરે જ છે. સાથે સાથે વિવિધ જળચર પ્રાણીઓને પણ નુકશાન કરે છે.

જમીનમાં દફનાવવામાં આવેલુ પ્લાસ્ટીક જમીનને ભારે નુકશાન કરે છે. જે પણ ઝેરમાં રૂપાંતરીત થાય છે.

કુલ ઉત્પાદનનું લગભગ ૪ ટકા તેલ પ્લાસ્ટીક બનાવવા માટે વપરાય છે. જે પણ આખરે નુકશાનકારક સાબિત થાય છે.

લોકો હવા, ધુળ, પાણી, ખોરાક અને વિવિધ વસ્તુના ઉપયોગ દ્વારા દરરોજ અનેકવાર પ્લાસ્ટીકના રસાયણોના સંપર્કમાં આવે છે. એક અહેવાલ પ્રમાણે પ્લાસ્ટીકની વિવિધ સમસ્યાઓ માનવજાત દ્વારા જ વધી રહી છે. બધા જ પ્રકારના પ્લાસ્ટીકના ૧/૩ થી વધુ પ્લાસ્ટીક ડીસ્પોજેબલ પેકેજીંગ જેવા કે પાણીની બોટલ, બેગ વગેરે બને છે. જે વધુમાં વધુ પર્યાવરણને નુકશાન પહોંચાડે છે.

જો કે પ્લાસ્ટીકના હારમાં ફસાયેલી ચકલીનું ચીત્ર હવે પ્રજાની આંખો ભુલી ગઈ છે. પ્લાસ્ટીકથી બનેલા ઈંજેકશનના કટકા બહુ સામાન્ય રીતે જોવા મળે છે. જે કટકા પક્ષી ખાય છે અને તેના પેટમાં પણ પ્લાસ્ટીકનું રસાયણ તેને મારવા માટે નિમિત બને છે.

એક અહેવાલ અનુસાર પ્લાસ્ટીક આરોગવાના કારણે ૧૮૦ થી વધુ પક્ષીયો, માછલીઓ, કાચબા અને અન્ય દરીયાઈ જીવોની પ્રજાતી નમાશેષ થઈ ગઈ છે.

દુર્ભાગ્ય રીતે વન્યજીવો પર પ્લાસ્ટાઈજરના પ્રભાવો અંગે માહિતી એકત્ર કરવાનુ કાર્ય માનવ સ્વાસ્થયનો અભ્યાસ કરવા બરાબર જ છે. કેમ કે બંનેને સમાન નુકશાન થાય છે.

પ્લાસ્ટીકની બેગમાં ખોરાક કે અન્ય કાર્બાઈન કચરાને નાંખવાથી રખડતા પશુઓ, ખાસ કરીને ગાયો માટે અત્યંત નુકશાનકારક સાબિત થયુ છે શહેરો અને મહોલ્લાઓમાં રસ્તાઓ પર મોટી સંખ્યામાં ગાયો આ પ્લાસ્ટીક બેગમાં રહેલ ખોરાક ખાય છે. જે ખાતા ખાતા તે પ્લાસ્ટીક પણ ખાઈ જાય છે. આ પ્લાસ્ટીક તેના શરીરમાં જઈને અત્યંત કઠન થઈ જાય છે. જે આતંરડાને ભારે નુકશાન કરે છે. અને અંતે તેનુ ભયાનક મૃત્યુ થઈ જાય છે. આ સ્થિતી એ દેશની છે જ્યાં ગાયને માત માનવામાં આવે છે.

પ્લાસ્ટીક આપણા દરીયાઓ માટે એક મહત્વનો પર્યાવરણીય મુદો બની ગયો છે. લગભગ ૮૦ ટકા પ્લાસ્ટીક જમીન પરના વિવિધ પાણીના માર્ગો પરથી દરીયામાં આવે છે. એક અભ્યાસ અનુસાર પ્રત્યેક વર્ષ ઓછામાં ઓછુ ૮ મીલીયન ટન પ્લાસ્ટીક દરીયામાં આવે છે.

વિવિધ અભ્યાસ પરથી ધ્યાનમાં આવે છે કે ૫૦ ટકા પ્લાસ્ટીકનો ઉપયોગ માત્ર એક જ વાર કરવામાં આવે છે અને તે પછી તેને ગમે ત્યાં ફેંકી દેવામાં આવે છે. આ પરિસ્થિતિને અંકુશમાં લાવવા માટે કેટલાક નાના પરંતુ, પ્રભાવી પગલા લેવા જરૂરી છે. જેમાં સૌ પ્રથમ પ્લાસ્ટીકની માત્રાને ઓછી કરવા માટે એનો ઉપયોગ ઓછો કરવો પડશે. જેમાં નીચેની કેટલીક બાબતો ઉપયોગી બનશે.

કરીયાણુ, ફળ, શાક સહિતની ચીજવસ્તુ ખરીદવા માટે પોતાના ઘરેથી બેગ લઈ જાવ.

પેકીગ કરેલી, સજાવટી વિવિધ કૃષિ ચીજો ખરીદવા કરતા સ્થાનિક અને તાજી ખરીદી કરવી જોઈએ.

પોતાની ફરીથી વાપરી શકાય તેવી બોટલ તેમજ ચા, કોફીના કપનો જ ઉપયોગ કરો.

મેટલ વાસણોનો ઉપયોગ લાંબા સમય સુધી કરી શકાય છે તેમજ તે સ્વાસ્થય માટે પણ ફાયદાકારક છે. તો તેનો જ ઉપયોગ કરો.

ઘરના કુલ કચરાને પ્લાસ્ટીક ૧૦ ટકા વધારો કરે છે. માટે અન્ય કચરો અને પ્લાસ્ટીકનો કચર એ બંનેને અલગ અલગ રાખો. શરૂઆતમાં આ કામ મુશ્કેલ પડશે. પરંતુ, જો તમે એકવાર તમારી જાતને પર્યાવરણ યોધધા તરીકે પ્રસ્થાપીત કરશો તો તે અન્ય માટે પણ પ્રેરણા આપનારૂ રહેશે.

જાહેર કાર્યક્રમોમાં પ્લાસ્ટીકનો ઓછામાં ઓછો ઉપયોગ કરો. તેના સ્થાન પર બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટીકનો ઉપયોગ વધારો. જે મકાઈ, સોયા તથા અન્ય પા-દડાઓમાંથી બને છે.

પ્રત્યેક મીટીંગ કે પરીસંવાદ પ્લાસ્ટીકની બોટલોનો મોટો જથ્થો છોડીને જ પુર્ણ થાય છે. જો પ્રત્યેક આયોજક ફરીથી વાપરી શકાય તેવી પાણીની બોટલનો ઉપયોગ કરે તો તે ખુબ જ અસરકારક સાબિત થશે. કેમ કે આજે પ્રત્યેક ૧ મીનીટમાં ૧ મિલીયન પ્લાસ્ટીકની બોટલ ખરીદાય છે.

જાહેરસ્થળ, પરીવહન સ્થાન અને રેલ્વે સ્ટેશન પર પાણીની યોગ્ય વ્યવસ્થા કરવાથી પણ બોટલોનો ઉપયોગ ઘટશે.

ભારત સમગ્ર વિશ્વમાં સૌથી વધુ રીયાઈકલીંગ દર ધરાવે છે. જેમાં રાગ-પીકર્સની મહત્વની ભુમિકા છે.

પ્લાસ્ટીકની ગંભિરતાને ધ્યાનમાં રાખીને સરકારની સાથે સાથે ઉદ્યોગોએ પણ આ મુદાના સમાધાન માટે આગળ આવવું જોઈએ. તેમજ સામાન્ય પ્રજાને રીસાયકલીંગ રીતને અનુસરવા માટે વાતાવરણ ઉભુ કરવું જોઈએ. જો પ્લાસ્ટીકને યોગ્ય રીતે એકત્રીત કરીને તેનો નિકાલ કરવામાં આવે તો આ સમસ્યાને હલ કરી શકાશે. પ્લાસ્ટીકના કચરાને રીસાઈકલીંગ કરીને ફરી ઉપયોગી કરવા માટે ઉધોગો પાસે ખુબ મોટી તક છે. જે માત્ર પર્યાવરણ નુકશાનને જ ઘટાડવા માટે નહીં પરંતુ, આર્થીક બચત માટે પણ ઉપયોગી સાબિત થશે. આપણે સૌએ એ ધ્યાનમાં રાખવું પડશે કે ઉદ્યોગો પ્લાસ્ટીક વસ્તુઓનુ ઉત્પાદન કરે છે. કેમ કે તેનાથી તેમને વ્યવસાયી સ્થીરતા મળે છે. તેમ છતાં પણ આપણે ગ્રાહક તરીકે ચોક્કસ જવાબદાર છીએ કે આપણે પ્લાસ્ટીકને ગમે ત્યાં ફેંકી દઈએ છીએ. આપણે આમ કરીને આવનારી પેઢીઓ માટે પણ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આજે આપણે જે પર્યાવરણને માણી રહ્યા છીએ એવું પર્યાવરણ તેમના માટે પણ આપણે બચાવી રાખીશું તો ચાલો આપણે સૌ પ્લાસ્ટીક મુક્ત રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બનીએ.

લેખકઃ- ડૉ. નીતા ખંડેલવાલ, ડૉ.હરીશ ગૃપ્તા, હસુમતી શાસ્ત્રી અને ડૉ.પ્રજ્ઞા દશોરા (દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી)

પાલવના પડછાયા
નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...

## ઠંડીને કરી નાખશે છૂમંતર, આ બદામ મિલ્ક, જાણો બનાવવાની વિધિ

સામગ્રી : દૂધ ૨ કપ, બદામ ૫-૬, ખાંડ એક મોટી ચમચી, દૂધ ઉકાળવા માટે વાસણ, પાણી ૨-૩ મોટી ચમચી

વિધિ - સૌથી પહેલા વાસણમાં પાણી નાખી મધ્યમ તાપ પર મૂકો. આવું કરવાથી વાસણના તળિયામાં દૂધ ચોંટશે નહી., જ્યારે તેમાં હળવું ઉકાળ આવી જાય તો તેમાં દૂધ અને ખાંડ નાખી દો., બદામમાં થોડું દૂધ મિક્સ કરી વાટી લો. (તમે ઈચ્છો તો બદામનો પાઉડર પણ બનાવી શકો છો), જ્યારે દૂધમાં ઉકાળ આવી જાય તો તાપ બંદ કરી નાખો. (ખાંડની જગ્યા ગોળ પણ નાખી શકો છો પણ ગોળ દૂધ ઠંડા થયા પછી જ નાખવું), ઠંડા થયા પછી દૂધને ગિલાસમાં નાખો અને પથારી પર જતા અડધા કલાક પહેલા જ પીવું., આ દૂધ તમને ઠંડમાં ગર્મી આપશે.



# સુંદર, સુવિધાજનક મોડ્યુલર કિચન

**નારી ચેતના**

મોડ્યુલર કિચનનો લે-આઉટ કેટલાય ફેક્ટર્સને ધ્યાનમાં રાખીને પ્લાન કરવામાં આવે છે, જેમ કે વપરાશની વસ્તુઓ, બિનવપરાશની વસ્તુઓ, ખાવાનું બનાવવું, બનાવવાની તૈયારી, સાફસફાઇ વગેરે. આ બધા માટે અલગ-અલગ ભાગ નક્કી કરવામાં આવે છે

મોડયુલર કિચન અંતર્ગત ફ્લોરથી લઈને દીવાલ સુધી દરેક ખૂણાનો કાયાકલ્પ થાય છે. કેબિનેટ્સ, સ્ટોરેજ યુનિટ્સ, કિચન એક્સેસરીઝ, લાઈટિંગ, ફિટિંગ ડેકોરેશન વગેરેથી કિચનને મોડર્ન અને એટ્રેક્ટિવ લુક આપવામાં આવે છે. ઘર નાનું હોય કે મોટું મોડયુલર કિચન રસોઈર તૈયાર કરવાના અંદાજ અને અહેસાસમાંથી નવીનતા લાવ્યું છે. તમારી જરૃરિયાત પ્રમાણે તૈયાર કરવામાં આવેલું મોડર્ન એક્સેસરિઝથી સજ્જ રસોડું સ્વચ્છ અને વ્યવસ્થિત પણ લાગે છે.

પહેલાથી તૈયાર યુનિટ સાથે કિચનને એવું રૃપ આપવામાં આવે છે કે તેમાં સગવડની સાથે સાથે ઉપલબ્ધ જગ્યાનો પણ પૂરેપૂરો ઉપયોગ થઈ શકે. મોડયુલર કિચન અંતર્ગત ફ્લોરથી લઈને દીવાલ સુધી દરેક ખૂણાનો કાયાકલ્પ થાય છે. કેબિનેટ્સ, સ્ટોરેજ યુનિટ્સ, કિચન એક્સેસરીઝ, લાઈટિંગ, ફિટિંગ ડેકોરેશન વગેરેથી કિચનને મોડર્ન અને એટ્રેક્ટિવ લુક આપવામાં આવે છે. ઈન્ટિરિયર કન્સલ્ટન્ટ જણાવે છે કે મોડયુલર કિચનનો લેઆઉટ કેટલાય ફેક્ટર્સને ધ્યાનમાં રાખીને પ્લાન કરવામાં આવે છે, જેમ કે વપરાશની વસ્તુઓ, બિનવપરાશની વસ્તુઓ, ખાવાનું બનાવવું, બનાવવાની તૈયારી, સાફસફાઈ વગેરે. આ બધા માટે અલગ અલગ ભાગ નક્કી કરવામાં આવે છે. તેને ૩ વિભાગમાં વહેંચવામાં આવે છે - ઉપરનો, વચ્ચેનો અને નીચનો ભાગ. કેબિનેટ્સ અને સ્ટોરેજ યુનિટ્સ ઉપરના ભાગમાં એવી વસ્તુઓ મૂકવામાં આવે છે, જેનો ઉપયોગ માત્ર નામમાત્રનો હોય છે, વચ્ચેની જગ્યામાં દરરોજ ઉપયોગમાં લેવાતી વસ્તુઓ અને નીચેના ભાગમાં ઓછી ઉપયોગમાં લેવાતી વસ્તુઓ મૂકવામાં આવે છે. ઈન્ટિરિયર કન્સલ્ટન્ટ જણાવે છેકે મોડયુલર કિચન મહદ્અંશે જૂના કિચન કરતા વધુ સારા હોય છે. મોડયુલર કિચન તમારી પાસે ઉપલબ્ધ તમામ જગ્યાનો યોગ્ય ઉપયોગ કરે છે. તેને તમારી જરૃરિયાત પ્રમાણે તૈયાર કરવામાં આવે . તમે તમારા વર્તમાન જૂના કિચનના બદલે સ્ટાઈલિશ લુક આપે છે. આ કિચનમાં દરેક કામ અને વસ્તુ માટેની જગ્યા નિર્ધારિત હોવાના કારણે તમે દરેક કામ સારી રીતે અને ઓછા સમયમાં પૂરા કરી શકો છો. જો કોઈ કારણવશ તમારે ઘર બદલવું પડે તો તમે મોડયુલર કિચનને સરળતાથી શિફ્ટ પણ કરી શકો છો. ઈન્ડી ટોપ મોડયુલર કિચનના પ્રોપરાઈટર સુમિત ચઢ્ઢાના મતે - મોડયુલર કિચન ઈ ઝી ટુ કેરી હોય છે. પહેલાનાં જમાનામાં કાર્પેન્ટર દ્વારા કિચનના ખાના ખિલ્લા પર ફિક્સ કરવામાં આવતા હતા. પણ આજે અમે બોક્સિસ બનાવીને તેને મિની ફિક્સ કરીએ છીએ. જેને ખોલીને બહુ સરળતાથી ફરથી પ્લાયમાં કન્વર્ટ કરીને બીજી જગ્યાએ શિફ્ટ કરી શકાય છે. પહેલાંના ડ્રોઅર ખેંચીને ખોલવા પડતા હતા, પણ મોડયુલર કિચનમાં ખૂબ સરળતાથી તમે સાધારણ પુશ કરીને પણ તેને ખોલી કે બંધ કરી શકો છો. તે ઈઝી ટુ ઈન્સ્ટોલ અને ઈઝી ટુ યૂઝ હોય ઓર્ડર આપ્યા પછી ૧૫-૨૦ દિવસમાં મોડયુલર કિચન તૈયાર થઈ જાય છે અને ૨-૩ દિવસમાં ફિટ પણ થઈ જાય છે. આ દરમિયાન ઘરમાં કોઈપણ પ્રકારના ધૂળ માટી પણ નથી

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# બાળકને બચાવો માઇગ્રેનના એટેકથી

**બાળ ઉછેર**

આ ભયાનક માથાનો દુઃખાવો ગમે તેને ચપેટમાં લઇ શકે છે. માઈગ્રેનનો શિકાર બળકો પણ અનેક વખત બનતા હોય છે. એવામાં જો તેમના માતા-પિતા કે ઘરના બાકીના મોટા સભ્યો જરા સરખી સાવધાની રાખે તો દુઃખાવાને નિયંત્રણમાં લાવવામાં મદદ કરી શકે છે અને અનેક વખત એટેકથી બચાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે તકલીફદાયક દુઃખાવો માઈગ્રેનનું હોવુ બાળકો માટે વધારે તકલીફદાયક એટલા માટે થઇ જાય છે કારણ કે તેઓ આ દુઃખાવો અને તેની સાથે જોડાયેલી સ્થિતિઓને સમજી શકતા નથી. આ દુઃખાવો દરેક બાળકમાં અલગ પ્રકારે લક્ષણો દેખાડી શકે છે અને તેના ટ્રિગર પણ ભિન્ન હોઇ શકે છે. બાળકો આટલી સરળતાથી સમજી શકતા નથી તેથી વધારે પરેશાન થઇ શકે છે કારણ કે તેનાથી તેમની સામાન્ય અને ઉર્જાભરેલી દિનચર્યા પર પણ અસર પડે છે. પોતાના બાળકને આવી તકલીફમાં જોવો માતા-પિતા માટે પણ તકલીફદાયક હોઇ શકે છે. દુઃખાવાના પ્રકાર બાળકોમાં આ દુઃકાવો અલગ રીતે હોઇ શકે છે. કોઈબાળકને માથામાં સામેની તરફ તો કોઇને બન્ને તરફ દુઃખાવો થઇ શકે છે. સામાન્ય રીતે આ દુઃખાવાનો અહેસાસ માથામાં કોઇ પ્રકારના ભયંકર અવાજ સમાન હોઇ શકે છે જાણ કે માથાની અંદર કોઇ વસ્તુ ઘમ્મ-ઘમ્મ કરી રહી હોય. દુઃખાવો એક કલાક પણ રહી શકે છે, આખો દિવસ પણ અને કેટલાક ગંભીર કેસોમાં આખુ અઠવાડિયુ પણ. કેટલાક બાળકો દુઃખાવા સાથે પેટની સમસ્યાઓની ફરિયાદ કરે છે તો કેટલાક ચક્કર આવવા, ઝાંખુ દેખાવુ, કોઇ પ્રકારનો અવાજ, ગંધ કે મહેક કે તીવ્ર પ્રકાશથી સમસ્યા થવાની ફરિયાદ પણ કરી શકે છે. નાના બાળકોમાં હંમેશા દુઃખાવાની જગ્યાએ પેટની સમસ્યા કે ચક્કર આવવા જેવું વારંવાર થાય છે. માઈગ્રેનથી પીડિત બાળકોમાં માથાનો દુઃખાવો શરૂ થતા પહેલા ઓરા (પ્રકાશના વર્તુળ સમાન)નો અહેસાસ થઇ શકે છે. આ માઇગ્રેનશરૂ થવાની ચેતવણી સમાન હોઈ શકે છે. આ ઉપરાંત બાળકો ધૂંધળુ, તીવ્ર પ્રકાશ કે ચમક જેવો આભાસ કે પછી લાઇનો ચાલવી જેવા અનુભવ કરી શકે છે. અનેક વખત તેમના બાજુ, પગ કે ચહેરા પર ઝણઝણાટી પણ થઈ શકે છે અને મોશન સિકનેસ પણ થઈ શકે છે.

બાળકને મદદરૂપ થાવ બાળકોમાં માઇગ્રેનનું નિદાન કરવુ ડોક્ટર માટે એટલા માટે અઘરૂ હોઈ શકે છે કારણ કે બાળકો સમસ્યાને સ્પષ્ટ કરી નથી શકતા, ના તો તેઓ પોતાના ટ્રિગર્સ અને દુઃખાવાનો સમય, તીવ્રતા વગેરેને લઈને યોગ્ય માહિતી આપી શકે છે. એવામાં જરૂરી છે કે તેમના માતા-પિતા કે અન્ય કોઈ તેમની મદદ કરે. બાળકના દુઃખાવાને લઈને એક ડાયરી મેન્ટેન કરો, જેમાં મહત્વપૂર્ણ બાબતો સામેલ હોય, જેમ કે- -બાળકને ક્યારે-ક્યારે કે દિવસમાં કયા સમયે દુઃખાવો થાય છે. - દુઃખાવો કેટલો સમય રહે છે. - દુઃખવો કેટલી જગ્યાએ થાય છે. - દુઃખાવો કેટલો તીવ્ર હોય છે. - માઈગ્રેન એટેક આવતા પહેલા શું બાળક કોઇ ટ્રિગર મહેસૂસ કરે છે, જો હાં તો એ ટ્રિગર શું છે? - એવી કોઇ સ્થિતિ કે ચીજ જે માઈગ્રેનમાં રાહત પ્રદાન કરે છે કે તેને વધારે ખરાબ બનાવી દે છે. આ ડાયરી બાળકની સ્થિતિને સમજવા અને તેનો સત્વરે ઈલાજ કરાવવામાં ડોક્ટરની ઘણી મદદ કરી શકે છે. ડોક્ટર આ ઉપરાંત અન્ય લક્ષણો, ફેમિલી હિસ્ટ્રી વગેરે અંગે પણ પૂછી શકે છે. ઉપચાર અને આરામ કેટલાક બાળકો માટે ભરપૂર ઊંઘ માઈગ્રેનને મટાડવાનું માધ્યમ હોય છે અને તેથી જ કામ થઈ જાય છે. એવામાં બાળકને એક સામાન્ય ઠંડા અને

આભાર - નિહારીકા રવિયા

પ્રકાશ વિનાના રૂમમાં આરામ કરવા દો. આંખો કે માથા પર થોડી ઠંડક પ્રદાન કરનાર વસ્તુ પણ મૂકી શકો છો. પરંતુ આ દુઃખાવાનો પ્રકાર અલગ હોઈ

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**રસથાળ**

## વાસી ભાતના પકોડા

શુ તમે વાસી ભાત ફેંકી દો છો ? ઘણા લોકો આવુ કરે છે. કારણ કે તેમને ખબર નથી હોતી કે વધેલા ભાત પણ ખૂબ કમના હોય છે. અહી અમે તમને એક આવી જ ડિશ બતાવી રહ્યા છે જેને તમે રાતના વધેલા ભાત દ્વારા બનાવી શકો છો. સાંજની ચા સાથે વાસી ભાતથી બનેલ સ્નેક્સનો સ્વાદ તમને જરૂર ગમશે.

**સામગ્રી** - એક મોટી વાડકી વાસી ભાત, ૪ મોટી ચમચી બેસન, ૧ ડુંગળી ઝીણી સમારેલી, ૨-૩ લીલા મરચા ઝીણા સમારેલા, ૧ મોટી ચમચી સમારેલા ધાણા, ૧ નાની ચમચી ધાણાજીરુ, અડધી ચમચી ગરમ મસાલો, અડધી ચમચી લાલ મરચુ, મીઠુ સ્વાદમુજબ. તળવા માટે તેલ.

**બનાવવાની રીત** - રાતના બચેલા ભાતને એક મોટા વાડકામાં કાઢી લો. તેમા બેસન નાખીને સારી રીતે મસળી લો. બેસનને એ રીતે મસળો કે તેમા ગાંઠ ન રહી જાય. હવે બધા મસાલાને આ બાઉલમાં નાખીને મિક્સ કરી લો. તેમા ડુંગળી, ધાણા અને લીલા મરચા પણ નાખીને હાથથી દબાવીને મિક્સ કરી લો. હવે આ મિશ્રણ દ્વારા વેલણના શેપના ગોળ તૈયાર કરી લો. એક વાસણમાં પાણી ઉકાળો. જ્યારે પાણી ઉકળી જાય ત્યારે તેમા ૨-૩ ચમચી તેલ નાખી દો. હવે આ તૈયાર પકોડાને આ પાણીમાં નાખીને થોડી વાર સીઝવા દો. થોડીવાર પછી ઢાંકણ હટાવીને જોશો તો પકોડા ઉપર આવી જશે.

હવે એક બીજી કડાહીમાં તેલ ગરમ કરવા માટે મુકો. તેલ તપી જાય ત્યારે પકોડા પાણીમાંથી કાઢીને સુકાવી લો. જ્યારે પાણી સુકાય જાય ત્યારે તેને ડીપ ફ્રાય કરી લો. ગરમાગરમ પકોડા ચા સાથે સર્વ કરો.

## મગ મઠના ચિલા

સામગ્રી- - આખા મગ ૧ કપ ,મઠ ૧ / ૨ કપ,છીણેલું ચીઝ -૧કપ,સમારેલી ડુંગળી ૨, ૨ ટામેટા, લીલા મરચાં - ૨,મોથમીર ,મરી અને મીઠું સ્વાદપ્રમાણે

બનાવવાની રીત - મગ અને મઠને અંકુરિત કરી મિક્સરમાં ગ્રાઈંડ કરી ઢોંસા જેવો ખીરું બનાવી લો. એમાં મીઠું અને મરી મિક્સ કરો.હવે તવા ઉપર તેલ લગાવી ખીરું પાથરો.

જ્યારે થોડું શેકાઈ જાય તો સમારેલી શાકભાજી અને પનીર છંટકાવ કરી .ચમચીથી હળવા દબાવો , અને શેકી સૉસ કે ચટણી સાથે ગરમ -ગરમ સર્વ કરો. આરોગ્ય માટે લાભકારી મગ-મઠનો ચિલા તૈયાર છે.

# શંકા બડી અભાગીની

**આગ ભીતર ભીતરની** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

ઘેરથી ખેતરમાં રખેવાળી કરવા જતી વખતે ઓછો વરસાદ હતો. ઝરમર ઝરમર પલળી જવાય એમ ન હતું. એકાદ બે વાર આકાશ ભણી જોઈ લીધું હતું. માએ તો છત્રી આપવાનું પણ કહ્યું હતું. જોકે ના પાડતા સામે કહેલું, હવે એ કાંઈ એટલો બધો આવવાનો નથી. અને પાછું છત્રી કયાંક ભુલી જાઉં તો..પોતાના ભુલકણીયા સ્વભાવ અંગે જણાવેલું. માએ કહેલું હવે તું કંઈ નાનો નથી તે ભુલી જાય. યાદ રાખતાં શીખવું જોઈએ ને..માના શબ્દો હતા. મા એને ભુલકણીયો કહેતી હતી.. કયારેક એમ પણ કહી નાખતીને.. આ ઘર પણ ભુલી જઈશ કે શું ? આભનો સીનો ચીરીને આવી રહેલો વરસાદ એની ધારણા પ્રમાણ વધતો હતો. પલળી ના જવાય એટલા માટે ચાલવાની ગતિ વધારી હતી. ઝડપથી પહોંચી જવા ય એકવાર ખેતરમાં આવેલી ઝુંપડીએ પહોંચી જવાય તો કશો વાંધો નહીં. ભલે ને એને જેટલું પડવું હોય એટલું પડે. છેક ખેતરના વાડોલીયા સુધી આવી ગયો. ઝાંપલી ખોલીને અંદર પ્રવેશ્યો.. ફોરાં મોટાં બનતા હતા. ઝડપ વધતી હતી. આકાશ ભણી નજર કરી વધતો હતો. છેક ઝુંપડી પાસે આવી બારણું ખોલ્યું અંદર પ્રવેશ્યો..

એ સાથે જ વાદળાં ગગડયાં. વીજળીનો તેજ લીસોટો દેખાયો. ભલે અંદર હતો પણ આંખો અંજાઈ ગઈ. બારણું બંધ કરવાની ઈચ્છા થઈ ગઈ પણ એમ ન કર્યું. સુકી ધરતીની મીઠી મસ્ત એક મહેક છુટી.. ઝુંપડીનાં બારણાં પાસે આવીને ઉભો બહાર જોઈ રહ્યો. આખોય વગડો ઉપરથી પડી રહેલા વરસાદમાં જાણે શાંતિથી આનંદ લેતો હતો. વાડોલીયા આગળના વૃક્ષો ઉભા ઉભા ધોવાતા હતા. થોરના છોડવા પણ એવી જ સ્થિતિમાં હતા. સુરજ ડુબી ચુકયો હતો. અંધકાર વધી રહ્યો હતો. એમાં આકાશના વાદળ વધારો કરી રહ્યા હતા.

અંદર આવીને એક તરફ પડેલી ફાનસ સળગાવી. ઝુંપડીમાં પીળોચટ્ટો પ્રકાશ પથરાઈ ગયો. બહાર વરસાદની સાથે પવનનું પણ તોફાન વધવા લાગ્યું હતું. ઝુંપડીનું બારણું હચમચવા માંડયું હતું. ઉપરનાં જુનાં પતરાં વળી હીચીંગ હીચીંગ અવાજ કરીને વિચિત્ર સૂર ઉભો કરતા હતા. આવી મેઘલી રાત્રે વળી ખેતરમાં છે શું તે રખેવાળી કરવાની હોય ? મનમાં એક તર્ક કર્યો ઉપર છાપરાં પર તડાફડી તો એક ધારી હતી.

આવી રાત્રે ઉંઘ નહીં આવી.વર્ષા પવનના તોફાનમાં શું ઉંઘ આવે ? પાછળનું પતરૂં જુનું કાટ ખાઈ ગયું હતું. દગો આપે એવું હતું એકાદ બે વાર રીપેર કરવા એટલે કે નવું નાખવા કહ્યું હતું. પણ મુખી પટેલ માસી મેણાં કરતા હતા. એકાદ બે વાર આ મામલે માને જણાવ્યું હતું. મા મુખી પટેલના ઘેર કામ કરતી હતી. બેય ટાઈમ રસોઈ કરતી વાસણ સાફ કરતી, કપડાં ધોતી મુખી પટેલ પાસે ઘણા પૈસા હતા. માને મહીનાના કામ બદલ પૈસા મળતા. ખાવાનું મળતું ઉપરથી કહેવા 'સોમી તારે જરૂર હોય તો આવી જવું.. ગભરાવું નહીં.. અને હા, તારા છોકરાને.. એટલે મને રાત્રે ખેતરની રખેવાળી માટે મોકલજે.. એનેય હું એના કામ બદલ આપીશ. એનેય લાગે કે હું નકામા.. રોટલા તોડતો નથી...

હા, મને થતું હુંય કંઈક કમાણી કરૂં છું. મારી માને આપું છું માને દુઃખી કરીશ તો ઉપરવાળો રાજી નહીં રહે. મારો એક ખ્યાલ હતો.. રાત્રે ખેતરની રખેવાળી કરતો અને દિવસે ઘેર સુઈ રહેતો. સવારે મારી મા કામે જતાં પુર્વે મને કહેતી જતી, તારા ઓલે માટે ખાવાનું તૈયાર છે. તારી ઈચ્છા પ્રમાણે ખૈ (ખાઈ) લેજે. હું બપોરે કામેથી આઈ (આવી) જઈશ.. ન આવું તો હાંજે (સાંજે) આઈ જવાની..મા કહેતી પણ હું એ તરફ ધ્યાન આપતો નહીં.. મારા ઘરમાં મેડા પર સુઈ જતો..

હું સાત ચોપડી સુધી ભણ્યો હતો. મારે આગળ ભણવું હતું પણ મા કહેતી, આ તારો બાપ કયાં ભણ્યો તો (હતો) તોય ઘર ચાલ્યું એ તો અડધે રસ્તે મરી ગ્યો (ગયો) નકર (નહીં તો) આપડે (આપણી) સુખી હતા ને શી વાતનું દુઃખ હતું ?

હા એ વખતે કશુંય દુઃખ ન હતું મારા બાપાને ઘોડાગાડી હતી.. રેલવે સ્ટેશન પર એ વખતે સવારે બે બપોરે અને સાંજે બે સાથે એમ કુલ છ ગાડીઓ આવતી જતી. ઉતરનારા પેસેન્જરો હોય,

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## વેકેશનમાં બાળકિશોર વાચકોને વાંચવી ગમે તેવી સળંગ સાહસ કથા : ત્રણ તોખારનો તરખાટ

**શબ્દ સમીપે** - નટવર હેડાઉ

બાળ સાહિત્યમાં જેટલું બાળ વાર્તાઓ, કવિતાઓ અને બાળગીતોનું મહત્વનું સ્થાન રહ્યું છે. તેથી અધિક બાળકિશોરોને પ્રિય એવી સાહસકથાઓનું પણ એક વિશિષ્ટ સ્થાન રહ્યું છે. તેમાં પળે પળ રોમાંચ વધારનારી હવે પછી શું થશે ? તેવા પ્રશ્નો જગાવનારી છતાં સરળ ભાષામાં લખાયેલી સાહસકથા બાળકિશોર વાંચકો વધુ પસંદ કરતા હોય છે.

'ત્રણ તોખારનો તરખાટ' બાળવાર્તાકાર અને પત્રકાર નટવર ગોહેલની ગીચ ભેંકાર અડાબીડ જંગલમાં સતત ઉત્સુકતા વધારતી આગવા વિષયના તાણાવાણા ગુંથી રસ તરબોળ કરવા સક્ષમ એવી સાહસકથા છે. જે ૨૫ જેટલા પ્રકરણોમાં સતત આગળ વધે છે. સુંદર છપાઈકામ સાથે દરેક પ્રકરણમાં પ્રસંગને અનુરૂપ રેખાચિત્રો દ્વારા વાચકોને જકડી રાખવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ કથાના સાહસિકો પલાશ, વિશ્વાસ અને વિશ્વા સરખી ઉંમરના કિશોર વયનાં બાળકો છે. જે અડાબીડ જંગલમાં જઈને જે પ્રકારનું અભિયાન ચલાવે છે તે આગવું અનોખું અને અનેરૂં છે.

પલાશ, વિશ્વાસ અને વિશ્વા ભેંકાર જંગલમાં શું કામ ગયા ? સાહસભર્યું અભિયાન શું કામ શરૂ કરવું પડયું ? ત્રણ કિશોર કિશોરીને જંગલમાં જવાની મંજુરી કોણે આપી ? અનેકવિધ પ્રશ્નો બાળકિશોર વાંચક સમક્ષ ઉભા થાય એ સ્વાભાવિક છે. તે માટે આ પુસ્તક વાંચવાનું શરૂ કરતાં અંત સુધીમાં આખુંય સાહસ ભર્યું ચિત્ર સ્પષ્ટ થઈ જાય છે.

બાળકિશોર માનવ સદૈવ સાહસ વૃત્તિને પોષક હોય છે. આ અવસ્થા સાથે જિજ્ઞાસા અને કુતુહલતા પણ જોડાયા હોય છે. જેના પરિણામે કશુંક નવતર વાંચવાની લાગણી બળકર બની જતી હોય છે. આ સાહસકથા વાચક મનમાં અપ્રતિમ-અપુર્વ ભાવ જગાડી અત્યંત રસપ્રચુરતાના પ્રવાહને વેગવંતો બનાવે છે. હાલના ધોમધખતા તાપમાં વેકેશનના સમયનો સદ્ઉપયોગ કરવા ઈચ્છતા બાળવાચકોને આવું વાંચવાનું જ ગમે છે.

નાનાં નાનાં સુંદર સરળ વાકયો, ટુંકા છતાં સચોટ

**અનુસંધાન પાના નં.૬ઉપર**

# કલરફૂલ મોજડી

**નારી**

મોજડી પહેરવાથી એક અલગ લુક આવે છે. એ બધા આઉટફિટ સાથે સૂટ થતી નથી. મોજડી પહેરવી હોય તો એક ચોક્કસ આઉટફિટની જરૂર પડે, જેમ કે પટિયાલા સલવાર સાથે કે ચૂડીદાર અથવા સ્કર્ટ સાથે. મોજડી આમ તો બે પ્રકારની હોય છે, જેમ કે ફૂલ કવર્ડ અને હાફ કવર્ડ. જો પ્રોપર લુક જોઇ તો હોય તો લેધેની પહેરવી અને જો આઉટફિટ સાથે મિક્સ એન્ડ મેચ કરવું હોય તો ઘણાં ઓપ્શન છે, જેમકે એમ્બ્રોઇડરીવાળી અથવા મિરર, ઘૂંઘરૂ, ક્રોશિયો વગેરે

લેધરની મોજડી આ સૌથી જૂની અને જાણીતી છે. એ ફુલ કવર્ડ પણ આવે અને હાફ કવર્ડ પણ આવે. આ મોજડી ખાસ કરીને ચૂડીદાર સાથે સારી લાગે. લેધરની મોજડી પુરુષોને વધારે સારી લાગે છે. લિનનના કુરતા-પાયજામા સાથે લેધરની મોજડી બેસ્ટ લુક આપી શકે. લેધરની મોજડી ખૂબ સાચવણ માગી લે છે. વરસાદમાં ખાસ કરીને એના પર ફૂગ ચડી જાય છે. અને જો શૂ-બાઈટ થવાનો ડર હોય તો અંદરની સાઇડ થોડું તેલ લગાડી પહેરવી.

એમ્બ્રૉઇડરીવાળી મોજડી એના પર મશીનવર્ક કરવામાં આવેલું હોય છે. અલગ-અલગ કલરમાં હોય છે. જો મલ્ટિપર્પઝ વેઅર માટે જોઈતી હોય તો મલ્ટિકલર વર્કવાળી મોજડી સિલેક્ટ કરી શકો અથવા ગોલ્ડન કે સિલ્વર વર્કવાળી પણ સારી લાગી શકે. ડ્રેસ સાથે મૅચિંગ પહેરવી અથવા ડ્રેસ કરતાં કૉન્ટ્રાસ્ટ કલરની પહેરવી. જેમ કે જો તમે ફ્લોરલ પટિયાલા સાથે પહેરવા માગતા હો તો મલ્ટિકલર વર્કવાળી મોજડી પહેરી શકો. અને જો વાઇટ ડ્રેસ સાથે પહેરવા માગતા હોતો સિલ્વર વર્કવાળી પહેરી શકાય. ઘૂંઘરૃ આ મોજડીમાં વર્ક સાથે ઘૂંઘરૃ લગાડવામાં આવેલાં હોય છે. આવી મોજડી થોડો ટ્રેડિશનલ લુક આપે છે. કંઈક અલગ ટ્રાય કરવું હોય તો લૉન્ગ સ્કર્ટ સાથે ઘૂંઘરૃં મોજડી પહેરી શકાય. અથવા તો ઈન્ડો-વેસ્ટર્ન લુક માટે ઍન્કલ જીન્સ સાથે કોઈ પણ પ્લેન કલરનું બૉડી-ટાઇટ ટી-શર્ટ પહેરવું અને એની સાથે સ્ટોલ લેવો. હેરમાં સૉફ્ટ કર્લ લુક આપવો અને ઝોલા બૅગ લેવી.

ક્રોશિયો મોજડી આમાં ક્રોશિયો એટલે કે ઊનનું વર્ક કરવામાં આવેલું હોય છે. આ વર્ક થોડું એમ્બૉસ્ડ એટલે કે ઊપસેલું લાગે છે. ક્રોશિયો મોટે ભાગે બ્રાઇટ કલરમાં જ સારા લાગે છે. એ માટે મોજડી પર પણ બ્રાઇટ કલરનો ઉપયોગ વધારે કરવામાં આવે છે. એની સાથે ટીકી અથવા મિરરનો ઉપયોગ પણ કરવામાં આવે છે.

# ફેશિયલ કર્યા પછી ફેસપેક કેમ લગાવવામાં આવે છે ?

**રૂપના રખોપા**

તમારે કોઇ ફંક્શનમાં જવાનું હોય તો તમે માત્ર ૧૫ મિનિટમાં જ ફેસપેક લગાવીને તમારા ચહેરા પર ઈન્સ્ટન્ટ ગ્લો લાવી શકો છો

આપણે જ્યારે બ્યુટી-પાર્લરમાં જઈએ છીએ ત્યારે બ્યુટિશ્યન ફેશ્યલ કર્યા પછી આપણા ફેસ પર ફેસપૅક લગાવે છે. પણ ક્યારેય વિચાર્યું છે કે આ ફેસપૅક કેમ લગાવવામાં આવે છે? ફેશ્યલ પહેલાં કેમ નથી લગાવવામાં આવતો? ફેસપૅક શું આમ જ લગાવી શકાય? આવા અનેક સવાલોના જવાબ તમને આ આર્ટિકલ દ્વારા મળશે.

છિદ્રો ફેશ્યલ એક એવી ટેક્નિક છે જેમાં તમારા ચહેરાનાં છિદ્રો, જેને પોર્સ કહીએ છીએ એ પોર્સ ફેશ્યલ કરતાં-કરતાં ખૂલી જાય છે. જો એ પોર્સને લૉક ન કરવામાં આવે તો એમાં ખાડા પડી જાય છે. એટલે એ ખૂલેલા પોર્સને બંધ કરવા માટે ફેશ્યલ પછી ફેસપૅક લગાવવો જરૃરી છે. આ સાથે ફેસપૅક ત્વચાને નિખારે છે તથા સાફ કરે છે. આનાથી ત્વચાને પોષણ પણ મળે છે. આ ફેસપૅકનો ઉપયોગ આમ તો ફેશ્યલ પછી કરવામાં આવે છે. ફેસપૅક ફેસ પર લગાવીને ૧૫ મિનિટ રાખવામાં આવે છે. ફેસપૅકથી ત્વચા સાફ તો થાય છે, પણ એ સાથે તમારી સ્કિન ગ્લો પણ કરવા લાગે છે.'

ફેસપૅક લગાવતાં પહેલાં એ વાતનું ધ્યાન રાખવું કે તમારી સ્કિન બરાબર સાફ હોય. સ્કિનનું ઉપરનું લેયર મૉઈસ્ચરાઈઝર-ળી હોવું જોઈએ. આ ફેસપૅક તમારે તમારી આંખની નીચે કે હોઠની ઉપર ન લગાવવું જોઈએ.

પ્રકાર ફેસપૅક ઘણા પ્રકારે બને છે. જેમ કે નૅચરલ ફેસપૅક, કેમિકલ ફેસપૅક વગેરે પ્રકારો છે. નૅચરલ ફેસપૅકમાં તમે કોઈ પણ જૂસ લગાવી શકો છો. જેમ કે સંતરાનો અને ટમેટાનો જૂસ. પપૈયાને સ્મૅશ કરીને પણ તમે ફેસ પર લગાવી શકો છો. એ સિવાય તમે અલોવેરા જેલ, કાકડીની જેલ પણ મોઢા પર લગાવી શકો છો. એક ફેસપૅક જેને અમે મેડિકલ ફેસપૅક કહીએ છીએ એ અમે જેણે પિમ્પલ્સ ફોડયા હોય એ લોકોને લગાવીએ છીએ. આમાં નિયોસ્પોરિન પાઉડર અને સોડાને પાણીમાં મિક્સ

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## તુલસી એન્કાઉન્ટરમાં...

પાના નં .૧ ચાલુ

જોકે આ તમામ પંચોને આગામી જુલાઈ માસની અલગ અલગ તારીખો મળતા પંચોમાં કચવાચાટની લાગણી જોવા મળી રહી છે, પંચોએ સ્થાનિક અંબાજીનો બનાવ હોઈ નજીકની કોર્ટમાં બોલાવશે તેમ માની પંચ કેસમાં સહીઓ કરી હતી પણ તમામ પંચોને મુંબઈથી તેડું આવતા નારાજગી જોવા મળી છે ને પંચોની ઉમર પણ થઈ હોવાથી તેમજ બનાવને પણ લાંબો સમય થઈ જતા માનસિક રીતે બરોબર ન હોય તેવું જણાવી રહ્યા છે અને સરકારે એક સામટા પંચોનું નિવેદન લેવા સ્થાનિક સ્તરે નજીકની કોર્ટમાં વ્યવસ્થા કરાય તેવી માંગ કરી રહ્યા છે.

## થરાદ નગરપાલિકા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

નગરપાલિકાના પ્રમુખ લવજીભાઈ વાણીયા અને ચીફ ઓફિસર રોશની પટેલે જણાવ્યું હતું કે ૫ જુનથી ૧૧ જૂન દરમિયાન થરાદ નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત પર્યાવરણ સ્વચ્છતા અભિયાન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.આ કાર્યક્રમમાં શિરસ્તેદાર રમેશભાઈ ગોહિલ, ભારત વિકાસ પરિષદના ડૉ રીતેશભાઈ પ્રજાપતિ, સંજય ત્રિવેદી પીરાભાઈ નઝાર, અજય ઓઝા તથા નગરપાલિકાના કારોબારી ચેરમેન અર્જુનસિંહ વાઘેલા, શહેર ભાજપ પ્રમુખ વસંત ત્રિવેદી તથા નગરપાલિકાના કર્મચારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વાવ તાલુકા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અભિયાન હાથ ધરી પ્લાસ્ટિક, કચરો દૂર કરી શહેરને સ્વચ્છ અને રળિયામણું બનાવ્યું હતું. જે પ્રસંગે પ્રમુખ કાંનજીભાઈ રાજપુત ટી.ડી.ઓ રમેશભાઈ પુરાણીયા, સરપંચ ઠાકરસીભાઈ વેણ, ભરતભાઈ સી. ત્રિવેદી, જોગાભાઈ ગલચર, ઠાકરસીભાઈ મકવાણા, રામસેંગભાઈ બી.રાજપુત, રમેશભાઈ પટેલ તેમજ સફાઈ વર્કરની બહેનો - મિત્રો બહોળી સંખ્યામાં હાજર રહી સ્વચ્છતા અભિયાનની કામગીરી હાથ ધરી હતી.

## થરાદમાં ચામુંડા...

પાના નં .૮ ચાલુ

નોંધાવી હતી જેમાં જણાવ્યું હતું કે તેઓ સોમવારની સાંજે સવા સાત વાગ્યાના સુમારે માતાજીની પૂજા કરી રાત્રે આઠ વાગ્યે મંદિર બંધ કરી ઘરે ગયા હતા અને મંગળવારની સવાર ના પાંચ વાગ્યાના સુમારે પૂજા કરવા આવતાં મંદિરનું તાળું અને દરવાજો તૂટેલો જોવા મળ્યો હતો.આથી આ અંગે તેમના કાકા મફતલાલ લાલાજી રાજપૂતને જાણ કરતાં તેઓ બધા આવીને મંદિરમાં તપાસ હાથ ધરી હતી.દરમ્યાન આ તસ્કરોએ માતાજી અને બાજુમાં રહેલા ગોગમહારાજના મંદીરનાં તાળાં તોડી તેમાંથી માતાજીની તલવાર અને ચાંદી તથા રોકડ મળીને કુલ રૂપીયા ૯૧૫૦૦ની મત્તાની ચોરી કરી ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ પણ દોડી આવી હતી અને મંદિરમાં રહેલા સીસીટીવી કેમેરામાં તપાસ કરતા ત્રણ શખ્સો માથે બુકાની બાંધીને બેટરીના અજવાળે કાયદાનો કોઇ પણ પ્રકારનો ખૌફ ન હોય તેમ બિન્દાસ્ત ઘુસીને માતાજીના મંદિરમાં ચોરી કરતાં જોવા મળ્યા હતા.જેમના પગલાંના નિશાન લેતાં થોડે દૂર તેમની સાલ અને વસ્ત્ર પણ મળી આવ્યા હતા. આ અંગે થરાદ પોલીસે એફએસએલ અને ડોગ સ્કવોડની પણ મદદ લીધી હતી. તેમજ અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટનાથી થરાદ નગરમાં ભય સાથે ફફડાટની લાગણી ફેલાવા પામી હતી. તસ્કરો મંદિરમાંથી માતાજીની ચાંદીની ચરણ પાદુકા નંગ બે ૫૦૦ ગ્રામ કિં.રૂ.૧૫૦૦૦,ચાંદીની છત્ર નંગ પાંચ ૯૦૦ ગ્રામ કિં.રૂ.૩૦૦૦૦,માતાજીના ભંડારાની દાનપેટીમાંથી રોકડ રૂ.૧૫૦૦૦,ગોગમહારાજનાં ચાંદીના નાનામોટાં છત્ર નંગ ૩૩ કિં.૩૦૦૦૦ તથા માતાજીની પુજાની તલવાર નંગ ૧ કિં.રૂ.૧૫૦૦ મળીને ૯૧૫૦૦ની મત્તાની ચોરી કરી જતાં ફફડાટની લાગણી ફેલાવા પામી હતી.

## જુનાડીસા ...

પાના નં .૮ ચાલુ

ગત સોમવારની સાંજે આરતી કર્યા બાદ રાબેતા મુજબ બધા ઘરે ગયા હતા. તે દરમ્યાન રાતના સુમારે અજાણ્યા હરામખોરો દાનપેટી તોડી અંદર રહેલા અંદાજે ૪૦ થી ૫૦ હજાર રૂપિયા ચોરી ગયા હતા. આ બાબતે ડીસા રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા દોડી આવેલી પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## કાણોદરના તળાવ...

પાના નં .૮ ચાલુ

આઘારીયા દ્વારા કાણોદર ગામે જળસંચય અભિયાન અંતર્ગત તળાવ ઊંડું કરવાની કામગીરી પંચાયત દ્વારા હાથ ધરવામાં આવી હતી જેમાં મોટા પ્રમાણમાં ગામના સરપંચ તેમજ તલાટી કમ મંત્રી દ્વારા લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો હોવાનો સીધો આક્ષેપ કર્યો હતો અને તળાવમાંથી નીકળેલી માટી નિયમ મુજબ ગામના ખાતેદાર ખેડૂતોન ખેતર નું પુરાણ કરવા અથવા ગામના રોડ રસ્તા નું સમાર કામમાં વાપરવાની હોય છે તેની જગ્યાએ નિયમો નું ઉલઘન કરી કોમર્શિયલ કોમ્પ્લેક્સ ધરાવતા કોમ્પ્લેક્ષના માલિકોને મોટી રકમ લઈ માટીનું વેચાણ કર્યાનો આક્ષેપ કર્યો હતો આ અંગે જિલ્લા કલેકટરશ્રીને લેખિત અરજીકર્તા જિલ્લા કલેકટરશ્રી તાત્કાલિક તપાસનો હુકમ કર્યો હતો અને સોમવારે સાંજે પ્રાંત અધિકારીશ્રી પાલનપુર તાલુકા મામલતદાર શ્રી પાલનપુર ખાણ ખનીજ વિભાગના અધિકારી તેમજ સિંચાઈ વિભાગના અધિકારીઓએ ઓચિંતી તપાસ હાથ ધરી હતી તેમજ તળાવના ખોદકામમાં નિયમોના ઉલ્લંઘન વિશે સર્વેની કામગીરી હાથ ધરી હતી જ્યારે આબાબતે નાયબ કલેકટર સાથે વાત કરતા આ અંગે ગંભીર પણે તપાસ ચાલી રહી હોવા નું જણાવી કાયદેસર કાર્યવહી કરવા મા આવશે તેવું જણાવ્યું હતું.

# વરસાદના ઝાપટાની આગાહી વચ્ચે અમદાવાદમાં ૪૨ ડિગ્રી

અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યના જુદા જુદા ભાગોમાં ગરમીના પ્રમાણમાં વધારો થયો છે. ગરમીના કારણે લોકો ફરી એકવાર પરેશાન દેખાઈ રહ્યા છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાનમાં આંશિક વધારો થતાં ફરીવાર લોકો મુશ્કેલીમાં દેખાયા હતા. બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડવાની આગાહી હવામાન વિભાગે અકબંધ રાખી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી રહ્યું હતું. સૌથી વધુ તાપમાન આજે ડિસામાં નોંધાયું હતું જ્યાં પારો વધીને ૪૨.૪ સુધી પહોંચ્યો હતો. આવી જ રીતે અમદાવાદમાં પણ પારો ફરી એકવાર આંશિકરીતે વધી ગયો છે. બપોરના ગાળામાં લોકો હજુ પણ પરેશાન દેખાઈ રહ્યા છે. આગામી બે દિવસ દરમિયાન સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગો અને ઉત્તરગુજરાતમાં પારો ૪૦થી ૪૩ ડિગ્રી વચ્ચે રહી શકે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઝડપી પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગના કેસોમાં વધારો નોંધાયો છે. અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. રસ્તાઓ ગરમીના કારણે સુમસામ રહ્યા હતા. લોકોની ચામડી દાઝી જવા જેવો અનુભવ આજે બપોરના ગાળામાં થયો હતો. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ કાળઝાળ ગરમીથી લોકોને આંશિક રાહત મળી છે. આવતી-કાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે પ્રમાણમાં ઓછી ગરમીનો અનુભવ થયો હતો. જો કે, બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૫૦૦-૪૦૦૦૦**
રૂપુ કાચું ૩૯૫૦૦-૪૦૦૦૦
સોનુ તોલો ૩૧૩૦૦-૩૧૭૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૧૦**
પામોલીન ૧૨૧૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૪૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૫૦-૪૫૫**
તિરૂપતી કપા. ૧૩૫૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૧૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૪૦૫
૨ લી. ૧૬૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૦૦૦-૩૦૫૦**
**ખાંડ એમ. ૨૯૫૦-૩૧૦૦**
ખાંડએલ. ૩૨૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૪૨૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા. ૫૭૦
**પરચુરણ**
સોજી ૮૦૦
મેંદો ૭૮૦
શ્રીફળ એમ. ૧૪૨૫
નિરમા સાબ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૨૦૦
ખાંડ બુરૂ ૩૫૦૦
કોકમ ફુલ ૧૫૦
એલચી ૯૦૦-૧૦૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૮૦-૧૦૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૭૦૦-૧૦૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૯૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૪૦૦
**ભીંડા ૨૮૦-૩૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૯૦૦-૧૦૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૫૦૦-૬૦૦
બાદશાહ બટાકા ૩૪૦-૪૦૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**

## શબ્દ સમીપે..

અનુસંધાન ૫ નું ચાલુ

વર્ણનો, જીજ્ઞાસાપ્રેરક પ્રસંગો અને બાળકિશોર વાચકોને પોતે સાહસમાં સાથે હોય તેવી ભાષા શૈલીમાં રજુ થયેલ આ કથા દરેક પ્રકરણે ઉત્સુકતા જગાડી એક બેઠકે વાંચી પુરી કરવાનું મન થાય તેવો તેનો વાર્તા પ્રવાહ વાચકને પ્રથમ પ્રકરણથી અંત સુધી ગતિવંત રાખે છે.

વાર્તાના જીવંત સંવાદો, જંગલનુ આબેહુબ વર્ણન અને એક પછી એક ઘટનાના તાણાવાણા દ્વારા વાચકને જકડી રાખવાની લેખકની કુનેહ કાબીલેદાદ છે. જે બાળ વાર્તાના લેખક તરીકે ખુબ જ ઘડાયેલા અને બાહોશ કલમકાર તરીક. આપણને જકડી રાખવામાં સફળ થતા હોય તેમ લાગ્યા વિના રહેતું નથી.

ત્રણ તોખારનો તરખાટ સાહસ કથાના લેખક નટવર ગોહેલનું આ પુસ્તક ડિવાઈન પબ્લીકેશન્સ અમદાવાદ દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે.

વેકેશનના ગાળામાં બાળકીશોર વાચકોને ગમી જાય તેવું આ પુસ્તક આપવા બદલ લેખક અને પ્રકાશકને અભિનંદન પાઠવું છું.

ત્રણ તોખારનો તરખાટ : સળંગ સાહસ કથા

લેખક : નટવર ગોહેલ, પ્રકાશક : ડિવાઈન પબ્લીકેશન્સ અમદાવાદ કિં.રૂા.૩૬૦ પ્રથમ આવૃત્તિ ૨૦૧૭.

નટવર હેડાઉ

## આગ ભીતર ભીતરની..

અનુસંધાન ૫ નું ચાલુ

કયાંક ગામમાંથી સ્ટેશને જનારા હોય.. મુસાફરો મળી રહેતા.. ઘર ચાલતું.. દરરોજ રાત્રે મારા બાપા જે કમાણી થઈ હોય તે મારી માને આપી દેતા.કમાણી ઓછી હોય ત્યારે મા મોં બગાડતી નહીં.. ઉપરથી કહેતી, અબોલ જાનવર બચારૂં આટલી મદદ કરે છે.

એક દિવસ સવારના પહોરમાં ઘોડો તૈયાર જ ન થયો. જાણે રાત્રે ને રાત્રે માંદો પડી ગયો હોય એમ.. એક તરફ સવારની ગાડીનો સમય થઈ ગયો હતો અને ઘોડો તૈયાર થતો ન હતો. બાપાએ જરાક ગુસ્સામાં આવી જઈને ચાબુક માર્યો અને એ ઢળી પડયો.. ખુલ્લી આંખે કહી ઉઠયો, મધુ ભૈ જાઉં છું આપણા અંજલપાણી પુરા થયા.

ત્યારે હું પાસે ઉભો હતો. માએ. મારા બાપને કહેલું શું મારતા હશો ? પરભુ (પ્રભુ)ના મુકામે ગયો છે..મારા બાપ રોઈ પડયા હતા. ઘોડાનું જતન એમણે ખુબ કરેલું પણ.. એ વાતના બે ચાર દિવસ બાદ મુખી પટેલે કહ્યું હતું, પૈસા જોઈતા હોય તો લઈ જજો મધુ ભૈ.. એ તો તમારી આવકનો એક છેડો હતો..

માએ પણ એ બાબતે મારા બાપને કહ્યું હતું, મુખી પટેલ પૈસા આલે (આપે) છે તો શું વાંધો છે ? આપણે એમના પૈસાને કયાં દબાવવા છે ?

માએ પણ એવો સૂર વહાવ્યો હતો પણ મારા બાપાના મનમાં ન જાણે શી ગડમથલ ચાલતી હતી વદ પક્ષના દિવસ હતા. બારસ, તેરસ, ચૌદસ અને અમાસ. આ દિવસો ભારે હોય છે કે આ દિવસો દરમિયાન કોઈ શુભ કાર્ય થાય એની ખબર નથી પણ મારા બાપાએ આ દિવસો દરમિયાન પૈસા લેવાની ના પાડી હતી. જ્યારે કોઈ ઉછીના પૈસા આપવાની તૈયારી બતાવે. અરે આપે ત્યારે સામેવાળો એ ના લે એ બને નહીં.. પણ અમારા કિસ્સામાં કંઈક અલગ હતું..

ઘોડા મર્યાના શરૂઆતના દિવસોની એક રાત્રે મેં મારા બાપાના મુખેથી સાંભળ્યું હતું કે કોઈ તો પૈસા આપે પણ પાછળથી જો એની નિયતીમાં કંઈક ખરાબી આવે તો ભારે થાય. ઘરની બહેન દિકરીઓના માથે ભય ઉભો થાય, આજકાલ પૈસા આપનારો ગમે તે કરી શકતો હોય છે..

મારા બાપાએ કહ્યું.. મને સમજાયું ન હતું.

પણ માએ સુર નાખેલો.. તમે ધારો છો તે એવો એ નથી. ભલો છે એની આપણા ગામમાં કોઈ ખોટી વાત નથી. બિચારાની બૈરી મરી ગઈ છે છતાંય...

માએ કહેલું.. તારી બધી ય વાત સાચી પણ માણસની આંખોનો રંગ જેવો દેખાતો હોય છે એથી કયાંક ખતરનાક પણ હોય છે..

એકમે ઘોડા માટે પૈસા લેવાનું નક્કી કર્યું હતું અને હું મારા બાપા સાથે મુખી પટેલના ઘેર ગયેલા. મુખી પટેલે આવકાર આપીને કહેલું, બે ચાર દિવસ થમી જાવ મારે બહારગામ મારા સાળા પાસે જવાનું છે.. આવીને આપીશ. લગભગ પાંચમે આવી જજો.. ને અમે પાછા આવેલા. કોણ જાણે કેમ આ વાતો મારા બાપાને ગમી ન હતી. ઘેર આવીને એમણે હૈયામાં ઉભી થયેલ ભડતને ઠાલવતાં કહ્યું હતું, જો પૈસા આપવા જ છે તો પાંચમ શું ને પછી છઠ શું ? શો ફેર પડી જવાનો છે ? પરંતુ માએ મારા બાપાને શાંત રહેવા કહેલું.. હશે બે દિવસ વધારે, બાકી આ ગામવાળા જાણતા નથી કે મધુભાઈને ઘોડો ગુજરી ગયો છે. બિચારાની આવક તુટી ગઈ છે.. લાવ મદદ માટે પુછીએ તો ખરા..

ઘોડાના પૈસા મુખી પટેલ પાસેથી લેવામાં આવે એ પહેલાં મારા બાપા અવસાન પામેલા. મા કહેતી, ઘોડાની યાદમાં.. ઘોડાના મોતનો એમને આઘાત લાગ્યો છે.. વાત ગમે તે હોય પણ ઘોડો કમાણીનું સાધન અને ઘરના મોભી બાપાનું અવસાન થયેલું. ઘોડાગાડી માટે મારૂ નામ આવ્યું. પણ મેં ના પાડી મને ના ફાવે.. કયાંક જો ઘોડો ભડકે તો મારે કયાં જવુ ?

ઉપાધિઓનાં મંડાણ શરૂ થયાં. મા કહેતી, ઉપાધિ થોડી કાંઈ પુછીને આવે છે ? એ તો આવે છે એટલે ઘણું બધું અવળસવળ કરી નાખે છે..

સામે છેડે જીવન હતું મોત જ્યાં સુદ્ધાં ન આવે ત્યાં સુધી જીવવાનું હતું મારી માએ મુખી પટેલના ઘરનું કામ સ્વીકારી લીધું. મેં રાત્રે ખેતરની રખેવાળી...

માને એના કામ બદલ પૈસા મળી જતા મને પણ મારી રાત્રીની રખેવાળીના પૈસા મળી જતા.. મારી મા મુખી પટેલને કહેતી, ભૈ મારા છોકરાને કયાંક નાની મોટી નોકરી હોય તો વળગાડજો.. મહીનો થયે પગાર તો આવે. મારી માની વાત એકદમ સાચી હતી. પણ સામે છેડે મુખી પટેલ કહેતા.. સોમી તારો છોકરો ભણ્યો નથી. નકર (નહીં તો કયાંક મેળ પાડી દેત)

વાસ્તવમાં હું ભણ્યો ન હતો.. સાત ધોરણ બાદ શાળા છોડી દીધી હતી. આગળ ભણવા ફી, ચોપડાં કપડાં વગેરેની મારા મતે મારા બાપામાં ક્ષમતા ન હતી. જો કે બાપા તો કહેતા હતા તું ભણજે તારા માટેનો ખર્ચ નીકળી જશે.. અરે એમ હશે તો રાત્રે ગામમાં ઘોડાગાડી ફેરવીશ..

રાત્રે કોણ તમારો ડોહો (બાપ) તમારા વાડામાં (ગાડીમાં) બેસી જશે ? મારી મા પણ ઘણીવાર મારા બાપાની મજાક કરી નાખતી..

એ બધું રમણભમણ થઈ ગયું.. હું મોટો થયો.

શરીરમાં ફેરફારો થયા, યૌવનનું ઘોડાપુર ઉમટયું. ઘરમાં મને દાબમાં લેનાર બાપાની ગેરહાજરી હતી. ગરીબ હતો અને એક દિવસ ભુલ કરી બેઠો.. ગામના શેઠ શાંતિલાલની પુત્રી પ્રેમીલાનો હાથ પકડી લીધો કહ્યું. .મારે તારી સાથે લગ્ન કરવા છે તું હા પાડી બેસ..

ને.. યૌવનના ઘોડાપુરમાં ભાન ભુલ્યો એને ખેંચી પણ ખરી.. વરસાદની એ રાત પડી ગઈ હતી માતાજીના મંદીર આગળ આ પરાક્રમ કરી નાખ્યું વરસાદ હતો પણ ઝરમર હતો. આના જેવો તોફાની નહીં. હોબાળો મચી ગયો. પ્રેમીલાએ એના બાપને વાત કરી દીધી બાપે પોલીસમાં ફરીયાદ કરી મને પોલીસ પકડી ગઈ નાનકડી જેલ ભેગો કર્યો. મારી માએ જાણ્યું. ગાળો ભાંડતી એ પોલીસ સ્ટેશને આવી. અધિકારી આગળ પગે લાગી મને છોડવા આજીજી કરી. પણ વાત ન બની. એમણે તો મારી માને કહી દીધું કે તારો છોકરો ગામની છોડીઓના હાથ ઝાલે અને તું એને છોડાવવા પગે લાગે છે ?

આછા વરસાદની એ રાત્રે મુખી પટેલે પોલીસ સ્ટેશનમાં આવીને બધી વાત કરી હતી. જોકે પોલીસે મને ત્યારે છોડયો ન હતો પણ બીજા દિવસે અગિયાર વાગે મા સાથે મુખી પટેલ કોર્ટમાં આવેલાને મને જામીન મળી ગયા હતા.

મારા માટે એમણે પોતાનું ઘર મુકયું હતું ને હું બહાર આવી ગયો હતો.

જીંદગી યાદ હતી..

એ ધીમા વરસાદની રાત અને આ તોફાની વરસાદની રાત.. વરસાદ એ હતો રાત એ હતી માત્ર સમય અલગ હતો.

- રેણુ વિષ્ણુકુમાર બારોટ (અમદાવાદ)

## બાળ ઉછેર..

અનુસંધાન ૫ નું ચાલુ

શકે છે તેથી ઈલાજ પણ એ જરીતે કરાય છે. આ ઉપરાંત ડોક્ટર પેઈનકિલર દવાઓ, માઈગ્રેનની વિશેષ દવાઓ, ઉલટી અને નોશિયામાં રાહત આપતી દવાઓ કે કેટલાક કિસ્સામાં માઈગ્રેનને રોકતી દવાઓની સલાહ આપી શકે છે. આ ઉપરાંત રિલેક્સેશન ટેક્નિક જેમકે ડીપ બ્રીદિંગ વગેરે માટે પણ ડોક્ટરની સલાહ અને માર્ગદર્શન લઈ શકાય છે. તમારો સહયોગ સારી વાત એ છે કે મોટાભાગના બાળકો યોગ્ય ઈલાજ અને રીત અપનાવવાથી માઈગ્રેનના સકંજમાંથી બહાર પણ નીકળી આવે છે. તેથી જરૂરી છે કે બ ાળકોની આસપાસ સ્થિત મોટા લોકો તેમની સમસ્યાને લઈને સજાગ રહે. માઈગ્રેન રહેવા દરમિયાન બાળક સાથે મળીને એ ચીજોથી તેને દૂર રાખવાનો પ્રયાસ કરો જે માઈગ્રેન પેદા કરે છે. જેમકે ભૂખ્યા રહેવુ કે ખાવાનો સમય ટાળી દેવો, કેટલાક વિશેષ ખાદ્ય પદાર્થો જેમકે એમએસજી, ચોકલેટ, યોગર્ટ કે વાસી વસ્તુ ખાઈ લેવી. અપૂરતી ઊંઘ, વધારે સ્ટ્રેસ લેવો વગેરે. બાળકને ભરપૂર ઊંઘ અને પૌષ્ટિક ભોજનની સાથે જ ભરપૂર એક્સરસાઈઝ મળવી જોઈએ. બાળકને સ્કૂલ તથા અન્ય જગ્યાએ પણ લોકો સાથે તેના ટ્રિગર્સ અને સમસ્યાને લઈને વાત કરો અને તેને કઈ ચીજથી આરામ મળી શકે છે એ જણાવો.

## નારી ચેતના..

અનુસંધાન ૫ નું ચાલુ

થતા, કારણ કે બહારથી તૈયાર થઈને આવે છે. તે સંપૂર્ણપણે કસ્ટમાઈઝ્ડ હોય છે. તમે તમારી સગવડ અને જરૂરિયાત પ્રમાણે કિચન અને તેની એક્સેસરીઝ તૈયાર કરી શકો છો. સુમિત ચઢ્ઢા જણાવે છે કે મોડયુલર કિચનમાં મુખ્યત્વે પાંચ પ્રકારના મટિરિયલનો ઉપયોગ થાય છે. પ્લાય - માર્કેટમાં પ્લાય સરળતાથી મળી રહે છે. ખરાબ થતા તમે સેમ પેટર્ન અને ડિઝાઈનનું પ્લાય ખરીદીને તેને રિપ્લેસ પણ કરી શકો છો. ખાસ કરીને બીડબ્લ્યુઆર પ્લાય જે વોટરપ્રૂફ, મજબૂત અને સસ્તું પણ હોય છે. એક્રેલિક : તે વધારે ગ્લોસી અને આકર્ષક હોય છે. બોલ્ડ કલર જેવા કે રેડ, ગ્રીન, બ્લ્યુ વગેરેમાં તે ઉપલબ્ધ છે. તેમાં ઊધઈ નથી ચડતી અને તેની પર ડિઝાઈન પણ સારી ખીલી ઉઠે છે. પરંતુ તે બહારથી બનીને આવે છે, તેથી તેની કિંમત વધારે હોય છે. તક સાથે જ તે ઈઝી ટુ ઈન્સ્ટોલ પણ નથી હોતા. એલ્યુમિનિયમ : તે પાણીમાં ખરાબ નથી થતા તેમાં ઊધઈનું જોખમ પણ નથી રહેતું. સ્ટેનલેસ સ્ટીલ : તેમાં ઉધઈ, કાટ લાગવાનો ડર નથી રહેતો અને દરેક કલરમાં તે મળે છે. પછી તેની પર કોઈપણ ડિઝાઈન બનાવી શકાય છે. ગ્લાસ : વુડ પર ગ્લાસ લગાવીને તેને મોડયુલર કિચનમાં યૂઝ કરવામાં આવે છે. આમ તો સારું રહે છે, પણ તે બસ તૂટવાનો થોડો ડર રહે છે. ભારતીય પરિવેશ અને ખાનપાનને જોતાં ભારતીય ઘરોમાં મોડયુલર કિચન માટે વુડ મટિરિયલને જ અગ્રિમતા આપવામાં આવે છે. આ મટિરિયલ દરેક યોગ્ય હોવાની સાથે સાથે બીજા કોઈપણ મટિરિયલની સરખામણીમાં સસ્તુ પણ પડે છે. કઈ કઈ રીતે તૈયાર થાય છે મોડયુલર કિચન ડિઝાઈન : પ્રીતિ જણાવે છે કે સૌથી પહેલાં તમારે તમારી જગ્યા અને જરૂરિયાત પ્રમાણે રૂપરેખા નક્કી કરવાની હોય છે. આ કામ માટે તમે ઈન્ટિરિયલ ડેકોરેટર કે મોડયુલર કિચન તૈયાર કરનારનો સંપર્ક પણ રી શકો છો. મુખ્યત્વે કિચન પાંચ પ્રકારના શેપમાં માર્કેટમાં ઉપલબ્ધ હોય છે. - એલ શેપ, સ્ટ્રેટ શેપ, યુ શેપ, પેરેલલ શેપ અને આઈલેન્ડ શેપ. એક્સપર્ટ ટૂના મતે એલ શેપ મોડયુલર કિચન નાની જગ્યા માટે જ્યારે આઈલેન્ડ શેપ કિચન મોટી જગ્યા માટે પરફેક્ટ છે. આઈલેન્ડ કિચનની વચ્ચોવચ એક પેનલ હોય છે, જેનાથી તમે ચારેય બાજુથી કુકીંગ કરી શકો છો. તે દેખાવે સુંદર તો લાગે જ છે, સુવિધાજનક પણ હોય છે. બજેટ : હવે તમારું બજેટ નક્કી કરો કે તમે ફ્લોરિંગ, વોલ કલર, કિચન ટાઈલ્સ, કેબિનેટ્સ, ડ્રોઅર્સ, સિંક, નાળ, વગેરે પર કેટલો ખર્ચ કરી શકો છો. તે પ્રમાણે જ મટિરિયલ ડિસાઈડ કરો. ફ્લોરિંગ : સૌથી પહેલાં કિચનનું ફ્લોરિંગ કરવામાં

આભાર - નિહારીકા રવિયા આવે છે. ફ્લોરની ટાઈલ્સ પૂરા કિચનને આકર્ષક અને નવો લુક આપે છે. બજારમાં અલગ અલગ પ્રકારની ટાઈલ્સ ઉપલબ્ધ છે. તમે એવી ટાઈલ્સ પસંદ કરો, જે કિચન વોલના કલર સાથે પણ મેચ થાય. ન્યુટ્રલ કલરની ટાઈલ્સ બધા જ પ્રકારના કિચનમાં સૂટ થાય છે. ટાઈલ્સ સ્કેચ એન્ડ સ્ટેન રેઝિસન્ટન્ટ અને ઈઝી ટુ ક્લીન હોવી જોઈએ. તમે સિરામિક ટાઈલ્સ પણ પસંદ કરી શકો છો. લાઈટિંગ : મોડયુલર કિચનમાં લાઈટિંગ બ્રાઈટ હોવું જોઈએ, કારણ કે કામ કરતી વખતે પૂરતી લાઈટ હોવી જરૂરી છે. એ વાતનું ધ્યાન રાખો કે ઓવરહેડ કેબિનેટ્સના કારણે કાઉન્ટરસ્ટોપ પર તમારી વર્કસ્પેસ પર શેડો ન આવે. જો એવું થાય તો તમારે કેબિનેટની નીચે લાઈટ ફિક્સ કરાવવી પડશે. નેચરલની સાથે તમે ડેકોરેટિંવ લાઈટ્સ પણ લગાવડાવી શકો છો. પાણીના નળને બદલે હવે કિચન સિંક લાંબા હેન્ડલવાળા સ્ટાઈલીશ નળની ડિઝાઈન સાથે ટ્રેન્ડમાં છે. જો તમે ઘરના દરેક ખૂણાને સ્ટાઈલીશ બનાવવા ઈચ્છો છો તો માર્કેટમાં તેના અનેક વિકલ્પ છે. સિંક સ્ટેનલેસ સ્ટીલના સારા રહે છે. તે ટકાઉ અને ઈઝી ટુ ક્લીન હોય છે,

## રૂપના રખોપા..

અનુસંધાન ૫ નું ચાલુ

કરીને મોઢા પર લગાવીએ છીએ. અમારી પાસે એવા ક્લાયન્ટ આવે છે જેને હાઈ ફેસપેક લગાવીએ છીએ એમ જણાવતાં બ્યુટિશિયન કહે છે, 'હાઈ ફેસપેકમાં અમે ડોલોમાઈટ પાઉડરવાળો ફેસપેક લઈએ છીએ. એ તમને બજારમાં મળી રહેશે. પછી તેને ડૉક્ટરના જે ડ્રેસિંગ કોટનો પાટો લગાવી એ પછી એના પર અમે મોટા બ્રશથી ડોલોમાઈટ પાઉડરવાળો થિક ફેસપેક લગાવીએ છીએ. આનાથી ક્લાયન્ટના ચહેરા પર ગ્લો દેખાય છે. એ સિવાય રિંકલ્સ પણ જલદી નથી આવતી.' આપણી ઈન્ડિયન સ્કિન માટે મુલતાની માટી બેસ્ટ ફેસપેક છે. કેમિકલ ફેસપેક પણ આવે છે જેમાં આલ્ફા હાઈડ્રોક્સાઈડ ઍસિડ હોય છે. આ ફેસપેક સ્કિનમાં એકદમ ડીપમાં જઈને સ્કિનને ક્લીન કરે છે. એ સાથે એજિંગ થતું રોકે છે. આ બધા ફેસપેક તમને બજારમાં મળી રહે છે. સ્કિન-ટાઈપ ફેસપેક તમે તમારી સ્કિન પ્રમાણે પણ કરી શકો છો. જેમ કે તૈલી ત્વચા પર ટમેટાના જૂસનો ફેસપેક કરવો. એ સિવાય મુલતાની માટી અને ડોલોમાઈટ પાઉડરવાળો ફેસપેક પણ લગાવી શકાય. જેની સ્કિન ડ્રાય હોય તેમણે મુલતાની માટી વાપરવી જોઈએ નહીં કેમ કે મુલતાની માટી પોતે ડ્રાય છે. તેમણે આલ્ફા હાઈડ્રોક્સાઈડવાળો ફેસપેક વાપરવો. આના સિવાય બદામનો ફેસપેક પણ લગાવી શકાય. જેની સ્કિન નૉર્મલ હોય તેને બધી ટાઈપના ફેસપેક ચાલે છે. જો તમારી ત્વચા તડકામાં રહીને લાલ થઈ ગઈ હોય તો તમારે સંતરાનો ફેસપેક લગાવવો જોઈએ. ફેસપેક તમે ફેશ્યલ વગર ઘરે પણ લગાવી શકો છો. જો તમે ઘરે ફેસપેક લગાવતા હો તો અઠવાડિયામાં એક કે બે વાર લગાવી શકો છો. આનાથી તમારી સ્કિન રિફ્રેશિંગ લાગશે. જો તમારે બે કલાકની અંદર કોઈ ફંક્શનમાં જવાનું હોય અને તમારી પાસે બ્યુટી-પાર્લર જવાનો સમય નથી તો તમે ૧૫ મિનિટ માટે ફેસપેક લગાવશો તો તમારી સ્કિનમાં ઈન્સ્ટન્ટ ગ્લો દેખાશે. જો ઘરે તમે ફેસપેક લગાવતા હો તો મુલતાની માટી બેસ્ટ ઑપ્શન છે. જેની સ્કિન ડ્રાય કે ઑઈલી છે તેણે દસ મિનિટની અંદર ફેસપેક ચહેરા પરથી કાઢી નાખવો જોઈએ.